**સુવિચાર**

મહેનતનાં નામે મજૂરીથી દૂર રહો, મહેનત તમને સફળતા અપાવે છે જયારે મજૂરી તમારા નિત્ય કાર્યને પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૦/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૧૩-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૬૪


### જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી

# અમરેલી જિલ્લામાં 'મારી માટી મારો દેશ' અંતર્ગત કળશયાત્રાઓ યોજાઈ

**આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે પ્રદેશ સ્તરનો વિશાળ કાર્યક્રમ યોજાશે**

**જિલ્લામાંથી ૫ હજાર કાર્યકર્તાઓ સાથે પદાધિકારીઓ, પાર્ટીનાં હોદ્દેદારો જોડાશે**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલ ઉપસ્થિત રહેશે**

**જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે નાયબ દંડક કૌશિક વેકરિયાએ પત્રકાર પરિષદ સંબોધી**



અમરેલી, તા. ૨૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે ''મારી માટી મારો દેશ''કાર્યક્રમ યોજાયો હતો. આ કડીના ભાગરૂપે સરકાર સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઓકટોબર માસમાં તા. ૩ ઓકટોબરથી ૨૬ ઓકટોબર, ૨૦૨૩ સુધી મારી માટી-મારો દેશ, અમૃત કળશ યાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભકિતના આ મહાપર્વમાં દેશના ગામે ગામથી એકઠી કરવામાં આવેલી માટીને દિલ્હી ખાતે લઈ જવામાં આવનાર છે. અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં ગ્રામ્ય, તાલુકા અને નગરપાલિકા કક્ષાએ અમૃત કળશ યાત્રાઓ યોજવામાં આવી હતી.

આ અભિયાન અંગે જિલ્લા ભાજપા કાર્યલાય ખાતે નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયાએ પત્રકારોને સંબોધ્યા હતા. જિલ્લામાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક, સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં શરદપૂર્ણિમાનાં પાવન દિવસે અમર ડેરી ખાતે શરદોત્સવ મિલ્ક ડે ઉજવાશે

**જિલ્લાનાં સાંસદ, ધારાસભ્ય અને આગેવાનો જોડાશે**







અમરેલી, તા. ૨૬

અમરેલીનાં આંગણે દર વર્ષની જેમ આ વર્ષે પણ શરદપૂર્ણિમાનાં પાવન દિવસ શનિવારે રાત્રિનાં ૯ કલાકે નવા ડેરી પ્લાન્ટનાં પટાંગણમાં અમર ડેરી ધ્વારા શરદોત્સવ મિલ્ક ડેની ઉજવણી કરાશે.

ભવ્ય રાસોત્સવમાં કેન્દ્રીય

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ અનુ.જાતિ, અનુ.જનજાતિ શિક્ષકોની માંગ

# બગસરાનાં ઝાંઝરીયા ગામનાં દલિત શિક્ષકનાં આત્મહત્યા કેસનાં આરોપીઓને કડક સજા કરો

**કલેકટર અને પોલીસ અધિક્ષકને રોષભેર આવેદનપત્ર પાઠવ્યું**



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ અનુ.જાતિ, અનુ.જનજાતિનાં શિક્ષકો ધ્વારા રોષપૂર્ણ કલેકટર અને એસપીને આવેદનપત્ર આપવામાં આવ્યું.

બગસરા તાલુકાનાં ઝાંઝરીયા ગામમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા સ્વ. કાંતિભાઈ ચૌહાણ જે જાતિવાદી માનસિકતાનો ભોગ બની તા. ૨૦/૧૦/૨૩નાં રોજ આત્મહત્યા કરેલ.

આઝાદીનાં આટલા વર્ષો પછી પણ જાણે દલિતોને આઝાદી મળી જ ના હોય તેવું લાગી રહ્યું છે. ઘણા જાણિવાદી માનસિકતાના કારણે એક નિષ્ઠાવાન શિક્ષકને મોત વ્હાલું કરવું પડયું ? ગામના સરપંચ અને શાળાની શિક્ષિકાઓ બહેનો ધ્વારા સતતને સતત આચાર્યને જ્ઞાતિને લઈને અપમાન કરવામાં આવતું, ઉપ સરપંચ પણ સતત આચાર્ય સાથે ઉધ્ધત વર્તન કરીને કાંતિભાઈ ચૌહાણને એનકેન પ્રકારે હેરાન કરવામાં આવતા હતા. સતત ત્રાસના કારણે અંતે કાતિભાઈએ મોતને વ્હાલું કરવું પડયું.

દલિત સમાજના શિક્ષકોમાં આ ઘટનાના ઘેરા પડઘા પડયા ને અનુ.જાતિના મંડળ ધ્વારા આ ઘટનાની નિંદા કરીને કલેકટર અને એસપીને ધારદાર રજૂઆત કરવામાં આવી ને ન્યાયિક તપાસ કરીને દોષિત વ્યકિતઓને કડકમાં કડક સજા થાય

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વરઘોડા કાઢીને કોઈની દીકરીને આંગણે લાવીને બાદમાં પરેશાન કરી

# અમરેલી જિલ્લામાં રાજુલા, બગસરા અને ધારી પંથકમાં પરિણીતાઓને માનસિક, શારીરિક ત્રાસ

**સ્થાનિક પોલીસે સાસરીયાઓ વિરૂધ્ધ ગુન્હાઓ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાનાં રાજુલા, બગસરા તથા ધારી પંથકમાં ત્રણ અલગ-અલગ બનાવમાં પરિણીતાને સાસરીયાવાળાઓએ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની જે તે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં રાજુલા ગામે રહેતા અને મહુવા સાસરે રહેતા તમન્નાબેન શાફીનભાઈ કલાણીયા નામની પરિણીતાને તેણીનાં મહુવા ગામે રહેતા પતિ શાફીનભાઈ ફારૂખભાઈ કલાણીયા સહિત ૫ લોકોએ કરીયાવર બાબતે મેણા-ટોણા મારી અપશબ્દ બોલી માનસિક દુઃખ ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં બગસરા તાલુકાનાં હળીયાદ ગામે રહેતા જયશ્રીબેન સંજયભાઈ વાળા નામની પરિણીતાને તેણીનાં પતિ સંજયભાઈ મેહુલભાઈ વાળાએ ચરિત્ર બાબતે શંકા કરી શારીરિક-માનસિક ત્રાસ આપી પતિ સહિત ૫ લોકોએ મેણા-ટોણા મારી ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં ધારી તાલુકાનાં શીવડ ગામે રહેતા મીતલબેન સંજયભાઈ સીસણાદા નામની પરિણીતાને તેણીના પતિ સંજયભાઈ ભાયાભાઈ સીસણાદાએ આવતાં ૠ મહિનામાં મારે દીકરો જોઈએ છે તેમ કહી ગાળો આપી શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### પિતાએ કામ કરવા અને ઘરમાં ટેકો આપવાનું કહેતા

# ધારીનાં વાઘાપરાનાં યુવકે ખોડિયાર જળાશયમાં ઝંપલાવ્યું

**માત્ર ૨૯ વર્ષની વયે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨૬

ધારીનાં વાઘાપરા વિસ્તારમાં રહેતા હરેશભાઈ ધનજીભાઈ સોલંકી નામનાં ૨૯ વર્ષિય યુવકનાં પિતાએ યુવકને કામકાજ કરવા અને ઘરમાં પૈસાનો ટેકો કરવાનું કહેતા યુવકને મનમાં લાગી આવતા તા. ૨૪નાં રોજ ઘરેથી નીકળી જઈ ધારી નજીક આવેલ ખોડિયાર ડેમમાં પડી આપઘાત કરી લીધાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જાફરાબાદ નજીક આવેલ

# ભાકોદર ગામે પ્રેમમાં પાગલ બનેલ યુવકનું ધંધામાં ધ્યાન નહી લાગતા રસોડામાં ગળાફાંસો ખાધો

**પ્રેમિકાની સગાઈ થઈ ગઈ હોય પ્રેમ સબંધ મુકી દેવા દબાણ**

અમરેલી, તા. ૨૬

જાફરાબાદ તાલુકાનાં ભાકોદર ગામે રહેતા હાર્દિકભાઈ મધુભાઈ ગોંડલીયા નામનાં ૧૭ વર્ષિય તરૂણને એક યુવતી સાથે પ્રેમ સબંધ હોય. તેણીના પિતા તરૂણને પ્રેમ સબંધ મુકી દેવા તથા તેણીની સગાઈ થઈ ગયાનું જણાવતા તથા યુવકનું ધંધામાં ધ્યાન નહી લાગતું હોય. જેથી કંટાળી જઈ પોતે પોતાની મેળે રસોડામાં પંખાનાં હુંક સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું જાફરાબાદ ટાઉન પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



Krishna DINING HALL
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



**ઈનામોની વણજાર**
તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધુના દાગીનાની ખરીદી કરો અને મેળવો
૧૦,૦૦૦ ઈનામો જીતવાની તક
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધુની ખરીદી કરો અને મેળવો લાખોનાં ઈનામ જીતવાની તક...
આયોજક
**નિલકંઠ જવેલર્સ®** (લાઠીવાળા)
માણેકપરા, ભગવતી ચોક, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ ૨૩૦૫૫૭

## જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં મહામંત્રી પ્રતાપ ખુમાણે કલેકટરને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલામાં ચેન્નઈથી આવેલ લોભામણી સ્કીમની તપાસ કરો

**અમરેલી જિલ્લામાં ભૂતકાળમાં ઘણી વખત નિર્દોષ ગ્રાહકોને અવનવી સ્કીમનાં નામે છેતરવામાં આવ્યા હોય પુનઃ એવી ઘટના ન બને તે માટે તપાસ જરૂરી**

**મહુવા રોડ ઉપર ૨૫ હજારનાં ભાડાથી રાખેલ જગ્યામાં ગ્રાહકોને હથેળીમાં ચાંદ બતાવાતા હોય તપાસ જરૂરી બની**

**આજે જ રકમ જમા કરાવવાની અને વસ્તુઓ ૧૨ દિવસ પછી આપવાનો નિયમ શંકાપ્રેરક છે**

**જિલ્લાનાં વેપારીઓને દિવાળીનાં દિવસોમાં કમાણી કરવાની હોય તેવા સમયે લોભામણી સ્કીમ આવે તે યોગ્ય નથી**



અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં મહામંત્રી પ્રતાપ ખુમાણે જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ભુતકાળમાં અનેક શહેરોમાં શરૂઆતમાં વિવિધ લાલચો આપી જાતજાતની લોભામણી સ્કીમો દ્વારા ધીમે ધીમે લોકોને વિશ્વાસમાં લઈને એક સોથ લાખો કરોડોની રકમ એકઠી કરી રફુચકકર થઈ ગયાનાં અનેક કિસ્સાઓ બની ચુકયા છે. છતાં ભલી ભોળી જનતા વારંવાર આવા તીકડમ બાજોનાં ચકકરમાં લોભની લાલચમાં ફસાઈ જાય છે.

સાવરકુંડલા શહેરમાં થોડા દિવસોથી મહુવા રોડ ઉપર નવા બસ સ્ટેન્ડ સામે છેક છેવાડે માસિક રૂપિયા ૨૫ હજારના ભાડે મકાન રાખીને ઘર વપરાશની અનેક ચીજ વસ્તુઓ જે બજારમાં શોરૂમમાં મળતી કિમત કરતા ૪૫% ઓછા ભાવે જેમાં ટીવી, વોશિંગ મશીન, પલંગ, ફ્રિઝ, કબાટ જેવી અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. જે વેચવામાં આવે છે. ગોલ્ડ સ્ટાર હોમનીક ઓર્ડર સપ્લાયર્સનાં લેબલ લગાડીને આ ચાલતી સ્કીમમાં અમરેલી જિલ્લા મહામંત્રી ચેમ્બર ઓફ કોમર્સ અને વ્હિસ્સલ બ્લોઅર પ્રતાપ ખુમાણ દ્વારા સ્થળ પર જઈ જાત તપાસ કરવામાં આવી હતી. પુછપરછમાં જાણવા મળ્યું કે આ તમામે તમામ સંચાલકો ચૈન્નાઈનાં છે. શંકાસ્પદ બાબત એ છે કે બજાર કિંમત કરતા ૪૫% ઓછા ભાવે કોઈપણ વેપારીને વસ્તુ વેચવી કેવી રીતે પોસાય !!

બીજી ખાસ નોંધનીય બાબત એ છે કે વસ્તુ પસંદ કરી આજે જ રકમ જમા કરાવવાની પરંતુ તમેન વસ્તુની ડિલિવરી મળે ૧૨ દિવસ પછી ! આ બંને બાબતોનો ખુલાસો પુછતા સંચાલકો સંતોષકારક જવાબ આપી શકયા ન હતા અને વારંવાર ઉશ્કેરાઈ જતા હતા અને સવાલો થી દુર ભાગતા હતા આ સ્કીમનાં માલિક અને મેનેજર ગણેશ તો સવાલોથી અકળાય ઉઠયા હતા. અને જાણે પોલીસ કે કોઈ કાયદાની કોઈ ડર કે બીજ નહી હોવાનું તોરમાં આવી જઈને બોલતા હતા.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ મહામંત્રી તરીકેની જવાબદારીએ આવી સ્કીમો થકી સ્થાનિક વેપારીઓને વર્ષમાં એક જ વખત આવતી સૌથી મોટી દિવાળીની સિઝનમાં જ બિલાડીના ટોપની જેમ ફુટી નીકળેલા લેભાગું તત્વોથી વેપારમાં મસ મોટું નુકશાન ભોગવવાનો વારો આવે છે. ત્યારે જવાબદાર સતાવાળાઓ આ બાબતે તાકીદે ધ્યાન આપી તલસ્પર્શી તપાસ દ્વારા નિર્દોષ નાગરિકો ભોગ બને તે પહેલા યોગ્ય પગલા લેવા જોઈએ આવા તત્વો બે–પાંચ મહિના સુધી બરાબર રેગ્યુલર સ્કીમ ચલાવીને લાખો કરોડોની રકમ જયારે એક સાથે એકઠી થઈ જાય ત્યારે રાતોરાત રફુચકકર થઈ જતા હોવાનું ભૂતકાળમાં અનેક શહેરોમાં અનેક બનાવોમાં જોવા મળેલ છે. જવાબદાર અધિકારીઓએ આ સ્કીમ સંચાલકો બાબતે યોગ્ય જીણવટ ભરી તપાસ કરવી જરૂરી છે. વળી છેક ચેન્નઈ જેવા મેગા સિટીમાંથી અહી છેક કાઠીયાવાડનાં નાનકડા શહેર સાવરકુંડલાની જ કેમ પસંદગી કરવામાં આવી તે પણ ખુબ વિચાર માંગી લે તેવો સવાલ છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

### અવાર–નવાર અકસ્માતની ઘટના બનતી હોવા છતાં

## લ્યો બોલો : જાફરાબાદના મુખ્ય માર્ગ પરની ખુલ્લી ગટર પાલિકાનાં શાસકોને ધ્યાને આવતી નથી

**મોટી કોઈ ઘટના બને તે પહેલા મરામત જરૂરી બની**



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદના સામાકાંઠા વિસ્તાર (તલાવડી) બાલકૃષ્ણ સોસાયટીમાં આવેલ આરસીસી રોડ ઉપર વચ્ચોવચો હોવાથી મોટો અકસ્માત થાય તો જવાબદારી કોની ? આ મુખ્ય રોડ હોવાથી અનેક વિસ્તારોના નાગરિકોની તથા વિધાર્થીઓની આ રોડ ઉપરથી અવર–જવર રહેતી હોય છે ! પરંતુ બાજુમાં આવેલ મુખ્યભૂગર્ભ ગટર ખુલ્લી હાલતમાં હોય આ ગટર રોડ ઉપર ખુલ્લી હોવાથી ટુવ્હીલર ચાલકોને ઘણી ખરી વખતે ટુવ્હીલરનું વ્હીલ તેમાં ગળી જવાથી ઘણી વખત સાંજ સવારે નાના મોટા અકસ્માત થતાં હોય છે. તેમજ આ ( તલાવડી) વિસ્તારનો મેન રોડ હોવાથી નાગરિકોની મોટા પ્રમાણમાં અવર–જવર થતી હોય છે. તેમજ ટુવ્હીલરો આ રોડ ઉપરથી મોટા પ્રમાણમાં અવર જવર થતી હોવાથી આ રોડ ઉપર વચ્ચોવચ ખુલ્લુ મોત હોય અનેઆ ખુલ્લી ગટર કોઈ નું અમુલ્ય જીવન છીનવી લેશે તો જવાબદાર કોણ ? કોઈ બાળક રમતું રમતું પડી જાય અને તેના હાથ પગમાં ફ્રેકચર જેવી ઘટનાઓ બની તો જવાબદારી કોની ? આ ખુલ્લી ગટર માટે ત્યાંના દુકાન ધારોકે મોબાઈલ ફોન દ્વારા રજુઆત તથા મૌખિક રજુઆત પરંતુ કોઈ પણ નગરપાલિકા ના જવાબદાર લોકો આ ખુલ્લી ગટર જોવા કે ડોકાવા પણ આવતા નથી તો શું કોઈ ઘટના બનશે ત્યારે જોવા આવશે ? હાલ માછીમારીની સીઝન ચાલું હોય રાત મધરાતે લોકોની અવર જવર હોય બાળકો વૃદ્ધો તથા મહિલાઓની આ રોડ થી અવર જવર ચાલુ હોય અને રહેણાંક વાળો વિસ્તાર હોય અને આ ખુલ્લી ગટર કોઈનુ રાહદારીઓનું મોતનું કારણ બને તો જવાબદારી કોની ? બાલકૃષ્ણ સોસાયટી (તલાવડી) આર સી સી રોડ કે જે મેન રોડ હોય આજુબાજુ માં દુકાનો આવેલ હોય ત્યાં નાના ભૂલકાઓ દુકાને ખરીદી માટે જતા હોય ત્યાં બાજુમાં જ ખુલ્લું મોત હોય કોઈ નાનું બાળક તે ખુલ્લી ગટરમાં પડી જાય અને કોઈ એવો બનાવ બન્યો તો જવાબદારી કોની ? આ સોસાયટી માં મોટા પાયે રહેણાંક મકાનો આવેલ હોય આ રોડ ઉપરથી અસંખ્ય લોકો ની અવરજવર હોય અમુક કારણોસર લાઈટ જતી રહી હોય અને આ ખુલ્લી ગટર કોઈ મુસાફર નો ચલતા ચલતા પગ ગળી જાય અને ભાંગી જાય તથા ફ્રેક્ચર થાય તો જવાબદારી કોની ? આ બાબતે જાગૃત લોકો દ્વારા પણ રજુઆત કરવામાં છતાં નગરપાલિકાના જવાબદાર આંખ આડા કાન કરવામાં આવતા હોય તેવી લોક ચચાઓ આ ખુલ્લી ગટર કોઈ વ્યક્તિને ગંભીર ઈજા કે કોઈ બાળક વૃધ્ધ કે મહિલા ઓ ને આ ખુલ્લી ગટરનો શિકાર ન બને તે પહેલા નગરપાલિકા ધ્યાન આપશે ? કે પછી હોતા હૈ ચલતા હૈ નગરપાલિકા માં સામાન્ય નાગરિક ની રજુઆત મૌખિક ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? શું કોઈ દુર્ઘટના ઘટે ત્યારે જાગશે ? આ રોડથી મોટા પાયે મોટરસાયકલની અવરજવર હોય રોડની બાજુમાં જ ખુલ્લું મોત હોયને કોઈ મોટરસાયકલ ચાલકનું ગંભીર અકસ્માત થાય તો જવાબદાર કોન ? આ બાબતે વહીવટી તંત્ર માં જો માનવતા જાગે તો આ અંગે કડક અને અસરકારક પગલાં ભરે તેવી ત્યાં ના રહીશોની માગણી છે. આ ખુલ્લી ગટર ને લીધે કોઈ અનહોની ના ઘટે તે પહેલા જાફરાબાદ પાલિકા અસરકારક કામગીરી કરશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે.

---

## બાબરા ખાતે મલકાણ પરિવાર દ્વારા નવરાત્રિનું આયોજન કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૨૬

બાબરાના ગઢવાળી શેરી પાસે આવેલ માઁ ભગવતી સામુદ્રી માતાજીનાં રહેતા મુનાભાઈ મલકાણ દ્વારા મંદિરમાં રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.જયાં છેલ્લા પાંચ વર્ષથી અહી ફકત બહેનો માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે. અહીં એંકદરે ચારસો થી વધુ દિકરીઓ અને બહેનોને રાસ લેવા માટે લાભ પ્રાપ્ત થાય છે.અને મુનાભાઈ મલકાણ અને તેમના ધર્મપત્ની ભાવના મલકાણ દ્વારા દરેક બહેનો દિકરીઓને રોજ લ્હાણી વિતરણ તેમજ નાસ્તાનું આયોજન કરવામાં આવે છે.

અહી કોઈ પણ જાત ની ફી લેવામાં આવતી નથી અહી માં ભગવતી ગ્રૃપના તમામ સભ્યો સેવાઓ આપતા હતા. અહી બાળાઓ નવ દિવસ માતાજીના મંદિર માં આરાધના કરી ગરબા રમી ધન્યતા અનુભવે છે.

---

### પોલીસ અધિકારીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## બાબરા : લાલકા ગામની સીમમાંથી વિદેશીદારૂની ૭૨ બોટલ ઝડપાઈ

**આરોપી પૃથ્વી ગીડા વિરૂદ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૨૬

બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.એચ. રતન તથા સ્ટાફ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખંભાળા બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે પૃથ્વીભાઈ કનુભાઈ ગીડા રહે. લાલકા એ પોતાની માલીકીની વાડીએ ગે.કા. રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂની છુટક વેચાણ અર્થે રાખેલ જેથી આરોપીની કબ્જા ભોગવટા વાળી વાડીએ તપાસ કરતા પોતાના વાડી પડામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી–જુદી બ્રાન્ડની બોટલો નંગ–૭૨ કુલ કિંમત રૂપિયા ૧૩,૪૪૦ નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે મળી આવેલ જે અંગે તેની વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૫(એ), ૧૧૪ (બી), હેઠળ કાર્યવાહી કરેલ છે.

---

## સાવરકુંડલા ખાતે સેવાકીય સંસ્થાઓ દ્વારા નેત્રકેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૬

શ્રી સદ્ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ નેત્રાલય હોસ્પીટલ દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું.

આ કેમ્પ આંખો ના રોગ થી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ ની અંદર ઓ પી ડી માં ૮૭ દર્દીઓને લાભ લીધો હતો. અને તેમજ મોતિયા ના ઓપરેશન માટે ૧૯ દર્દીઓ એ લાભ લીધો હતો આ કેમ્પ નુ દિપ પ્રાગટય કબિર ટેકરી નાં મહંત શ્રી નારાયણ સાહેબ લાયન્સ કલબ ઓફ અમરેલી સિટી માંથી લાયન્સ એમ એમ પટેલ સાહેબ રૂજુલભાઈ ગોંડલીયા તથા સાહસ ઉપાધ્યાય સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ ના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા, તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલય ના કર્મચારી હિંમતભાઈ કાછડીયા નિલેશભાઈ ભીલ તથા કબીર ટેકરી ના સ્વયંમ સેવકો વગેરે સેવા આપી હતી. આ કેમ્પ દર મહિના ના ચોથા ગુરૂવારે છેલ્લા ૧૨ વર્ષ થી યોજાય છે.

---

## ઉના : BAPS સ્વામીનારાયણ મંદિર ખાતે નવરાત્રિનું આયોજન સંપન્ન



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

ઉનાના ભાવનગર રોડ પર આવેલ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પુ.અખંડમંગળદાસ સ્વામી તેમજ સરલમુર્તિ સ્વામીની હાજરીમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ આ આયોજનમાં મહિલાઓ તેમજ પુરૂષો માટે રાસ ગરબાની બંને અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવીહતી જેમાં ૧૬૦થી વધુ યુવક યુવતીઓએ હિન્દુ સંસ્કૃતિ મુજબ રાસ ગરબા રમ્યા હતા.

---

### દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ભાટીયાનાં કમલેશ બથીયા કહે છે

## સંગીતનાં સાત સુરોમાંથી જો એકાદ સુર પણ મારો સાચો લાગી જાય તો જીવન ધન્ય બને

**આખુ જીવન સંગીતનાં રંગમાં રંગાઈ સંગીતની સેવા કરવી છે**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાટીયાના (B.Ed.In.Music) કમલેશભાઈ આર. બથીયા જેઓ ગુજરાત સરકારના ગાધીનગર માન્ય ભાટીયા શહેરની નવગુજરાત સંગીત વિદ્યાપીઠમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે. પત્રકાર સાથેની વાતચીતમાં કમલેશભાઈએ વધુ વિગત જણાવતાં કે સંગીતના સાત સુરોમાંથી જો એકાદ સુર પણ મારો સાચો લાગી જાયને તો આ જીવનને ધન્ય બનાવી જાવું છે. સંગીતના ક્ષેત્રમાં આવનાર સમયના અવકાશ માટે એક નાનકડો દીપ જલાવી જાવું છે. સરકારના સર્ટિફિકેટો ભલે મને મળે એ આનંદની વાત છે. પણ આ આખું જીવન સંગીતના રંગમાં રંગાઈ સંગીતની સેવા કરવી છે. અને એક દિવસ આમ તબલા વગાડતા – વગાડતા આ દુનિયાને છોડી જાવી છે. અને છેલ્લે લોકો કહે છે.સંગીત ભગવાનનું બિજુ સ્વરૂપ છે. જો એવું જ હોય તો એ ઈશ્વરના સ્વરૂપને શોધવા માટે મારે સ્વર્ગ સુધી જાવું છે. ભાટીયા નવગુજરાત સંગીત વિદ્યાપીઠ ભાટીયાનો મુખ્ય હેતુ ( Indian Classical Music ) ભારતીય શાસ્ત્રીય સંગીતનો પ્રચાર અને પ્રસારનો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, સરકારી નિગમો સહિતની કચેરીઓમાં

# લ્યો બોલો : રાજયમાં એસ.સી., એસ.ટી. અને ઓબીસીની ૪૮ હજાર જગ્યા ખાલી

### રાજયમાં લાખો યુવાનો સરકારી નોકરી મેળવવા લોહી-પાણી એક કરીને અભ્યાસ કરે અને છતાં નોકરી મળતી નથી

અમદાવાદ, તા. ૨૬

રાજયના કુલ ૨૬ વિભાગ, ૩૩ જિલ્લાઓની જીલ્લા પંચાયતો, ૨૫૦ તાલુકા પંચાયતની તાલુકા પંચાયતો, ૮ મહાનગર પાલિકા, ૧૫૯ નગરપાલિકા, સરકારી નિગમો, રાજયની કોર્ટો, પોલીસ તંત્ર, સરકારી દવાખાનાઓ અને રાજયના કુલ ગામો ૧૮૫૮૪ની ૧૪૦૧૭ ગ્રામ પંચાયતમાં એસ.સી./એસ.ટી. અને ઓ.બી.સી. ની ખાલી ૪૮ હજાર કરતા વધારે જગ્યાઓ ખાલી પડેલ છે.

### ચૂંટણીનાં સમયે દલિતો, આદિવાસીઓ અને પછાતવર્ગનું કલ્યાણ કર્યુ હોવાનાં દાવાઓ કેટલા પોકળ છે તે સાબિત થાય છે

રાજય સરકારે બંધારણના આર્ટિકલ ૧૫(૪)(૫), ૧૬(૪) હેઠળ ની બંધારણીય જોગવાઈઓ અનુસાર અનામત નીતિ નક્કી કરી તાત્કાલિક વિના વિલંબે એસ.સી./એસ.ટી. અને ઓ.બી.સી. ની સરકારી નોકરીઓમાં અનામતની ખાલી જગ્યાઓ ભરવા ઝુંબેશ શરૂ કરી આ તમામ જગ્યાઓ ભરવી. એસ.સી./એસ.ટી. અને ઓ.બી.સી.ના લાખો બેકાર યુવાનો નોકરીની રાહમાં બેઠા છે કે સરકાર કયારે જુદા-જુદા સરકારી વિભાગોમાં ભરતી કરે.

રાજય સરકાર મોટાભાગના વિભાગો અને કચેરીઓમાં ૪૦ % ની આજુબાજુ

### નિવૃત્ત અધિકારીઓને પુનઃ ફરજ સોંપવામાં આવે પણ બેરોજગાર યુવાનોને જવાબદારી સોંપાતી નથી

જગ્યાઓ ખાલી છે, સબંધિત અધિકારીઓને એક કરતા વધારે ચાર્જ આપી વહીવટ ચલાવવામાં આવે છે, નિવૃત્ત અધિકારીઓને ઓછા પગારે કરાર આધારિત ચાલુ રખાય છે, જે જગ્યાઓ ભરાય છે તે જગ્યાઓ આઉટ સોર્સીંગ, કરાર આધારિત, કોન્ટ્રાકટ બેઈજ, રોજમદાર તરીકે ભરતી કરવામાં આવે છે અને શોષણ કરવામાં આવે છે, મળતીયાઓને કોન્ટ્રાકટ આપવામાં આવે છે જે એજન્સીઓ ૫૦% પગાર પણ પૂરો સમયસર આપતી હોતી નથી જે બંધારણીય જોગવાઈઓ વિરૂદ્ધ અને સમાન કામ,

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે રાજયનાં મુખ્યમંત્રીને ખુલ્લા પત્ર દ્વારા વેદના પાઠવી

સમાન વેતનના વિરૂદ્ધ છે.

મહારાષ્ટ્ર રાજયમાં આઉટ સોર્સીંગ, કોન્ટ્રાકટ પદ્ધતિ, કરાર આધારિત સરકારી ભરતી બંધ કરી હવે પુરા પગારની કાયમી નોકરી આપવાની પદ્ધતિ ચાલુ કરી છે. તો પોતાને નંબર વન ગણાવતુ ગુજરાત આમાં કેમ પાછળ છે ? અનામતની બેકલોગની ભરતી કેમ કરવામાં આવતી નથી ? તેવા સવાલો ઉભા થયા છે. તેમ નિવેદનમાં સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે જણાવેલ છે.




#### રાજુલા નજીક આવેલ

## ધારેશ્વર ગામે ગરબીમાં આરતી ઉતારવાની બોલી બોલતા યુવકને ૪ ઈસમોએ માર માર્યો

### બનાવ અંગે વિભાગીય પોલીસ વડા દ્વારા તપાસ હાથ ધરાઈ

અમરેલી, તા. ૨૬

રાજુલા તાલુકાનાં ધારેશ્વર ગામે રહેતા છગનભાઈ માધાભાઈ વિઝુંડા નામનાં યુવક ગત તા. ૨૧નાં રોજ રાત્રે રામજી મંદિર ચોકમાં નવરાત્રી જોવા ગયેલ હોય. ત્યારે આરતી ઉતારવા માટેનો બોલ બોલાતો હોય. જેથી યુવકે રૂા. ૩૦૦૦નો બોલ બોલતા તેજ ગામે રહેતા રમેશભાઈ બુઢાભાઈ સહિત ૪ લોકોએ યુવકનાં પૈસા લેવાની ના પાડી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં યુવકને લાગી આવતા યુવકે ચોકમાં જ ઝેરી દવા પી લેતા રાજુલા દવાખાને ખસેડવામાં આવેલ. આ બનાવ અંગે સાવરકુંડલા વિભાગીય પોલીસ વડા હરેશ વોરાએ વધુ તપાસ હાથ ધરી છે.

#### પાણી-પુરવઠા મંત્રીને વિસ્તૃત પત્ર પાઠવ્યો

## લીલીયા પંથકને પાણીની અછતથી મુકત કરવા ધારાસભ્યનું આયોજન

### સમગ્ર પંથકની જનતામાં આશાનું કિરણ ઉભુ થયું

સાવરકુંડલા, તા. ૨૬

લીલીયા તાલુકાના પાણીની અછત વાળા વિસ્તારમાંથી મુકત કરાવવા માટે આ વિસ્તારના પ્રતિનિધિ પદે આરૂઢ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા લાંબાગાળાની યોજનાઓ લાવીને લીલીયા પંથકમાં જળ સંચય થકી લીલીયા લીલોતર તાલુકો કરવાના કાયાપલટ કરવા કમર કસતા લીલીયાના બે ગામોમાં તળાવો નિર્માણ થાય તો ૩૧ ગામડાઓને ફાયદો થવાના ધ્યેયથી જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાળવિયા સમક્ષ લેખિત રજૂઆત કરી છે. જેમાં લીલીયા તાલુકાના એકલેરા ગામે ૭ ગામોના આવતા પાણીનો સંગ્રહ થઈ શકે તેવું તળાવ બનાવી શકાય તેવી વિશાળ જગ્યા અને ૯૦૦ વીઘા સરકારી પડતર જમીન ઉપલબ્ધ હોય સાથે પાણીના રીસોર્સ પણ હોય અને પાણી ભરાવવાંથી ૧૩ ગામો ઈંગોરાળા, હરીપર, ગુંદરણ, ઢાગલા, ખારા, આસોદર, પાડરશિંગા અને પાંચતળવડા જેવા ગામડાઓને વ્યાપક ફાયદો થશે તો સલડી ગામે ૯૦૦ વિઘામાં ૨ મીટર તળાવ ઊંડું કરવામાં આવે તો ૧૮ ગામો પૂતળીયા,આંબા,



ગોઢાવદર, મોટા લીલીયા, દુધાળા, જાત્રુડા, પૂંજાપાદર, અંટાલીયા, મોટા કણકોટ, લાલાવદર, વરસડા, કેરીયા, ભેસાણ જેવા ગામોને સિંચાઈ અને પીવાના પાણીનો ફાયદો થતો હોય આ ગામડાઓમાં અમરેલી અને લાઠીના પણ અમુક ગામડાઓને ફાયદો થાય તેવી જમીની હકીકત મુજબ ધારાસભ્યએ જાતે સર્વે કરવાની ખેડૂતોને અને ગામડાઓની સમસ્યાઓના નિરાકરણ લાવવાના અભિગમને સાર્થક કરવાની નેમ સાથે ગાંધીનગર ખાતે સચિવાલયોમાં અને મંત્રીઓ પાસે રૂબરૂ જઈને ગામડાઓની વાસ્તવિકતાઓ રજૂ કરીને કામો કઢાવવાની આવડતને આભારી છે.

ધારાસભ્ય પદને હજુ એક વર્ષ પણ પૂર્ણ નથી થયું ત્યાં ૩૫૦ કરોડ જેવી માતબર રકમની સૈધાંતિક મંજૂરીઓ મેળવીને રોડ, રસ્તા, ગટર, પીવાના અને સિંચાઈના પાણી સાથે જી.આઈ.ડી.સી., સ્પોટર્સ સંકુલ, રેલવે બ્રિજ જેવા કામો ઉડીને આંખે વળગે તેવા કાર્યો લાંબા ગાળે સાર્થક સાબિત થશે તેમાં કોઈ બે મત નથી ધારાસભ્ય લીલીયા પંથકને પાણીની અછતવાળા વિસ્તાર માંથી બાદબાકી કરવાના અડીખમ ધ્યેયથી કામગીરીઓ કરતા લીલીયાના ગામડાઓ કૃષિક્ષેત્રે આગામી દિવસોમાં સોનેરી સૂરજ ઊગે તેવા કાર્યો કરવાનો આરંભ કર્યો છે. તાજેતરમાં જ ૩૦ વર્ષનું આગવું આયોજન કરીને સાવરકુંડલા અને લીલીયાના બન્ને તાલુકા માટે ૧૫૫ કરોડ મંજૂર કરાવીને ઉત્કૃષ્ટ ઉદાહરણ રૂપી દાખલો બેસાડયો છે.







#### રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા

## જાફરાબાદ : સરકેશ્વર બીચ ખાતે ત્રિદિવસીય રેતી શિલ્પ મહોત્સવ યોજાશે

### ૨૯-૩૧ ઓકટોબર સુધી યોજાનારા રેતી શિલ્પની કલા જાહેર જનતા નિહાળી શકશે

અમરેલી, તા. ૨૬

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે સ્થાનિક પ્રવાસન સ્થળના વિકાસ હેતુથી અમરેલી જિલ્લાના જાફરબાદ તાલુકાના સરકેર બીચ ખાતે ત્રિદિવસીય રેતી શિલ્પ મહોત્સવ - ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે.આ મહોત્સવનો પ્રારંભ ૨૯ ઓકટોબર, ૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૧.૧૫ કલાકથી થશે. આ મહોતસ્વમાં આશરે ૩૦ - ૩૫ જેટલા કલાકારો રેતી શિલ્પો તૈયાર કરીને પ્રદર્શન અર્થે મૂકશે. જાહેર જનતા દરિયાકાંઠે તૈયાર કરવામાં આવેલી આ રેતી શિલ્પની કલાકૃત્તિઓ નિહાળી શકશે.આ મહોત્સવનો લાભ લેવા માટે સચિવ, ગુજરાત લલિતકલા અકાદમી - અમદાવાદ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.
























### પ.બંગાળના વનમંત્રીને ત્યાં ઈડીના દરોડા

# ભાજપ વિપક્ષી નેતાઓ વિરુદ્ધ ઈડીના દરોડાની ગંદી રમત રમી રહી છે : મમતા

## ભાજપ અને ઈડી વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ ધમકી ઉચ્ચારી

કોલકાતા, તા.૨૬

પશ્ચિમ બંગાળ સરકારમાં અગાઉ ખાદ્ય મંત્રીનો કાર્યભાર સંભાવનાર અને હાલ કોલકાતામાં પશ્ચિમ બંગાળના વન મંત્રી જ્યોતિપ્રિય મલિકના ઘરે ઈડીએ દરોડા પાડ્યા બાદ રાજકારણ ગરમાયું છે.

મલિકના ત્યાં દરોડા મામલે મુખ્યમંત્રી મમતા બેનર્જી ગુસ્સે ભરાયા છે. બેનર્જીએ ભાજપ પર ઈડીના દરોડા અને એનસીઆરટીભલામણ સહિત ઘણા મુદ્દાઓ પર નિશાન સાધ્યું છે. તૃણમુલ કોંગ્રેસના ચીફ મમતા બેનર્જીએ કહ્યું કે, 'ભાજપ ચૂંટણી પહેલા વિપક્ષી નેતાઓ વિરુદ્ધ ઈડીના દરોડાની ગંદી રમત રમી રહી છે. મારો સવાલ છે કે, શું ભાજપના કોઈ નેતાના ઘરે એક પણ દરોડા પાડવામાં આવ્યા. ઉપરાંત તેમણે ભાજપ અને ઈડી વિરુદ્ધ એફઆઈઆરનોંધવાની ધમકી ઉચ્ચારી છે.'



ઉલ્લેખનિય છે કે, વર્ષ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. આ ઉપરાંત તેલંગણા, રાજસ્થાન, છત્તીસગઢ, મિઝોરમ અને મધ્યપ્રદેશમાં નવેમ્બરમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે અને પરિણામ ત્રીજી ડિસેમ્બરે જાહેર થવાનું છે. દરમિયાન ઈડીની ટીમે આજે ૨૬ ઓક્ટોબરે કરોડો રૂપિયાના કથિત રાશન વિતરણ મામલે પશ્ચિમ બંગાળના મંત્રી જ્યોતિપ્રિય મલિકના નિવાસસ્થાને દરોડા પાડ્યા.

રાજસ્થાન માં પણ કથિત પરીક્ષા પેપર લીકની મની લોન્ડ્રિંગ મામલે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરા મુખ્યમંત્રી અશોક ગેહલોતના પુત્રને સમન્સ પાઠવવામાં આવ્યું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જ્યોતિપ્રિય મલિકના ત્યાં ઈડીના દરોડા મામલે કહ્યું કે, જ્યોતિપ્રિયને હાઈ સુગરની બિમારી છે, જો તેમને કંઈ થયું કે તેમનું મોત થયું તો હું ભાજપ અને ઈડી વિરુદ્ધ એફઆઈઆર નોંધાવીશ.

મમતાએ એનસીઈઆરટી કમિટીના પાઠ્યપુસ્તકોમાં 'ઈન્ડિયા'નું નામ 'ભારત' કરવાની સંબંધીત ભલામણ પર ભાજપ નિશાન સાધતા કહ્યું કે, અચાનક આવી વાત કેમ કરવામાં આવી રહી છે...

મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે, ભાજપ કહે છે કે, તેઓ 'સબકા સાથ સબકા વિકાસ' ઈચ્છે છે, જોકે વાસ્તવમાં તેનો અર્થ 'સબકા સાથ, સબકા સત્યાનાશ' છે.

### રાજસ્થાનમાં ચૂંટણીના માહોલ વચ્ચે મોટા સમાચાર

# રાજસ્થાન કોંગ્રેસ પ્રમુખ ગોવિંદસિંહ ડોટાસરાને ત્યાં ઈડીએ દરોડા પાડ્યા

## અપક્ષ ધારાસભ્ય ઓમપ્રકાશ હુડલાના ઘરે પણ દરોડા

જયપુર, તા.૨૬

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે એક મોટા અહેવાલ મળી રહ્યા છે. રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ ગોવિંદસિંહ ડોટાસરા પર ઈડી દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. માહિતી અનુસાર પેપર લીક કેસમાં સંડોવણીના આરોપો હેઠળ તેમના પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ ઈડીએ અપક્ષ ધારાસભ્ય ઓમપ્રકાશ હુડલાના ઘરે પણ દરોડા પાડ્યા છે. હુડલાએ ગેહલોત સરકારને બચાવવામાં મદદ કરી હતી. તાજેતરમાં કોંગ્રેસે તેમને મહુવાથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. તેથીએ અટકળો લાગવામાં આવી રહી છે કે તે કોંગ્રેસમાં જોડાતાની સાથે જ ઈડીના નિશાના પર આવી ગયા છે.

ઈડીએ રાજસ્થાનના પૂર્વ શિક્ષણ મંત્રી અને કોંગ્રેસ નેતા ગોવિંદ સિંહના જયપુર અને સીકરના ઘરે ઈડીએ દરોડા પડ્યા છે. રાજ્યમાં ૭ સ્થળો પર કાર્યવાહીની પણ માહિતી મળી રહી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાજસ્થાનમાં પેપર લીક કેસમાં ભૂપેન્દ્ર સરનની મની લોન્ડરિંગના આરોપસર ધરપકડ કરી હતી. રાજસ્થાન પોલીસની ફ્રૈંઈના આધારે ઈડીએ ભૂપેન્દ્ર સરન અને અન્ય લોકો સામે પણ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે ભૂપેન્દ્ર સરને અન્ય આરોપીઓ સાથે મળીને શિક્ષક ગ્રેડૈં સ્પર્ધાત્મક પરીક્ષા ૨૦૨૨નું જનરલ નોલેજ પેપર લીક કર્યું હતું.

### બકીબુર રહેમાનની થોડા દિવસ પહેલા ધરપકડ કરાઇ હતી

# કોલકત્તામાં પશ્ચિમ બંગાળના મંત્રી જ્યોતિપ્રિય મલિકના ઘર પર EDના દરોડા

## નોંધનીય છે કે પશ્ચિમ બંગાળમાં અગાઉ પણ મમતા બેનર્જીના મંત્રીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૨૬

કોલકાતામાં બંગાળના મંત્રી જ્યોતિપ્રિય મલિકના ઘરે EDએ દરોડા પાડ્યા છે. EDના અધિકારીઓ ગુરુવારે સવારે બંગાળના વન મંત્રીના ઘરે પહોંચ્યા હતા. આ દરોડા કથિત રાશન કૌભાંડ સાથે સંબંધિત છે જેની ઈઢ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જ્યોતિપ્રિય મલિક વન મંત્રી બનતા પહેલા ખાદ્ય મંત્રીનો હવાલો સંભાળતા હતા. નોંધનીય છે કે પશ્ચિમ બંગાળમાં અગાઉ પણ મમતા બેનર્જીના મંત્રીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. કોલકાતાના સોલ્ટ લેકમાં પશ્ચિમ બંગાળના મંત્રી જ્યોતિપ્રિય મલિકના ઘરે ED દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ દરોડા કથિત રાશન કૌભાંડ કેસ સાથે સંબંધિત છે. EDના અધિકારીઓ ગુરુવારે સવારે બંગાળના વન મંત્રીના નિવાસસ્થાને પ્રવેશ્યા હતા. આ દરોડા કથિત રાશન કૌભાંડ સાથે સંબંધિત છે જેની ED દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

જ્યોતિપ્રિય મલિક વન મંત્રી બનતા પહેલા ખાદ્ય મંત્રીનો હવાલો સંભાળતા હતા. અગાઉ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કથિત કૌભાંડમાં રાઈસ મિલ માલિક બકીબુર રહેમાનની ધરપકડ કરી હતી. ૨૦૦૪માં રાઈસ મિલના માલિક એવા રહેમાને આગામી બે વર્ષમાં વધુ ત્રણ કંપનીઓની શરૂઆત કરી હતી. ED અધિકારીઓના જણાવ્યા અનુસાર, રહેમાને કથિત રીતે શેલ કંપનીઓ ખોલી હતી અને પૈસા ઉપાડી લીધા હતા.

ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર, રહેમાને ખાદ્ય વિભાગમાં પોતાની પક્કડ મજબૂત કરી અને રાશન વિભાગમાં તેના રેકેટ દ્વારા જાહેર જનતાને ફાળવવામાં આવેલા અનાજને ગેરકાયદેસર રીતે વેચીને નાણાંની ઉચાપત કરી હતી.

EDના અધિકારીઓએ કહ્યું છે કે રહેમાન કોલકાતા અને બેંગલુરુમાં હોટલ અને બાર ધરાવે છે અને તેણે વિદેશી કાર ખરીદી છે. થોડા દિવસ પહેલા જ ED દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. EDના સૂત્રોના જણાવ્યા અનુસાર, બકીબુર રહેમાન કથિત રીતે કૌભાંડમાં સંડોવાયેલો હતો. તે સમયે જ્યોતિપ્રિય મલિક ખાદ્ય મંત્રી હતા. નોકરી કૌભાંડમાં ED વર્તમાન ખાદ્ય મંત્રી રથિન ઘોષની પૂછપરછ કરી ચૂકી છે.

### ભારતીય શેરબજારમાં ભારે અફરાતફરી

# એક જ દિવસમાં રોકાણકારોના ૫.૫૪ લાખ કરોડ રૂપિયા ધોવાયા

## સેન્સેક્સમાં ૯૦૧ અને નિફ્ટીમાં ૨૬૫ પોઈન્ટનું મોટુ ગાબડું પડ્યું : પાંચ વર્ષમાં બજારની આ પ્રથમ નકારાત્મક ઓક્ટોબર શ્રેણી જોવા મળી

મુંબઈ, તા.૨૬

ભારતીય સ્ટોક માર્કેટમાં જબરદસ્ત ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે શેર બજારમાં મોટો કડાકો બોલ્યો છે જેના કારણે રોકાણકારોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. આજે ફરી બજાર લાલ નિશાન સાથે બંધ થયું છે. ૫ વર્ષમાં બજારની આ પ્રથમ નકારાત્મક ઓક્ટોબર શ્રેણી છે. ઓક્ટોબર સિરીઝમાં નિફ્ટીમાં લગભગ ૪%નો ઘટાડો થયો છે. સેન્સેક્સ-નિફ્ટી સળંગ છઠ્ઠા દિવસે ઘટાડા સાથે બંધ થયા છે.

પાવર સિવાય બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં વેચવાલી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરો દબાણ હેઠળ રહ્યા હતા જ્યારે રિયલ્ટી, ઓટો અને મેટલ ઈન્ડેક્સ સૌથી વધુ ઘટ્યા હતા. બેંકિંગ, ફાર્મા અને આઈટી શેર્સ પર દબાણ જોવા મળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૯૦૦.૯૧ પોઈન્ટ અથવા ૧.૪૧ ટકાના ઘટાડા સાથે ૬૩,૧૪૮.૧૫પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૨૬૪.૯૦ પોઈન્ટ અથવા ૧.૩૯ ટકાના ઘટાડા સાથે ૧૮૮૫૭.૨૫ના સ્તર પર બંધ થયો હતો. આ અઠવાડિયે, સતત ત્રીજા ટ્રેડિંગ સેશનમાં અને ઓક્ટોબરના માસિક એક્સપાયરી ડે પર, ભારતીય શેરબજારમાં ઘટાડાનું સુનામી જોવા મળ્યું છે. વેચવાલી અને બજારના બગડતા મૂડને કારણે સેન્સેક્સ ૧૦૦૦ અને નિફ્ટીમાં ૩૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. મિડ કેપ ઈન્ડેક્સમાં ઘટાડાનો ટ્રેન્ડ આજે પણ ચાલુ રહ્યો હતો અને એનએસઈ મિડ કેપ ઈન્ડેક્સ ૯૦૦ પોઈન્ટ સુધી લપસી ગયો હતો. ટ્રેડિંગના અંતે બીએસઈસેન્સેક્સ ૯૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૬૩,૧૪૮ પોઈન્ટ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૬૫ પોઈન્ટના ઘટાડા સાથે ૧૮,૮૫૭ પોઈન્ટ પર બંધ થયો હતો. જ્યારે આ ઘટાડાથી રોકાણકારોને ૩ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

ગુરુવારના શરૂઆતના ટ્રેડમાં ભારતીય ઈક્વિટી બેન્ચમાર્ક નીચા ટ્રેડ થયા હતા કારણ કે તમામ ક્ષેત્રોમાં વેચવાલી તીવ્ર બની હતી. સ્થાનિક સૂચકાંકોએ સતત છઠ્ઠા સત્રમાં ઘટાડો ચાલુ રાખ્યો હતો. ૩૦ શેરો ધરાવતો બીએસઈસેન્સેક્સ ૭૦૭ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૬૩,૩૪૨ પર ટ્રેડ થયો હતો, જ્યારે એનએસઈનિફ્ટી ૨૨૪ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા ઘટીને ૧૮,૮૯૮ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી મિડકેપ ૧૦૦ ૧.૮૮ ટકા અને સ્મોલ-કેપ ૨.૫૭ ટકા ઘટ્યો હોવાથી વ્યાપક બજારો (મિડ- અને સ્મોલ-કેપ શેર) પણ નબળા હતા. જેમ જેમ સત્ર આગળ વધતું ગયું તેમ તેમ સ્થાનિક બેન્ચમાર્કમાં વધુ ઘટાડો જોવા મળ્યો.

સ્થાનિક સૂચકાંકોમાં એવો ઘટાડો થયો કે બીએસઈમાર્કેટ કેપિટલાઈઝેશન (એમ-કેપ)ના આશરે રૂ. ૫.૫૪ લાખ કરોડ રૂપિયા ધોવાઈ ગયા. વૈશ્વિક મોરચે એશિયાઈ બજારો સુસ્ત હતા. વોલ સ્ટ્રીટમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો કારણ કે આલ્ફાબેટ (ગૂગલના પેરેન્ટ) શેર નિરાશાજનક કમાણી પછી અને યુએસ ટ્રેઝરી ઉપજ વધ્યા પછી ઘટ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ અગાઉના બંધ દરમિયાન ચોખ્ખા ધોરણે રૂ. ૪,૨૩૭ કરોડના શેરનું વેચાણ કર્યું હતું જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) એ રૂ. ૩,૫૬૯ કરોડના ચોખ્ખા શેર ખરીદ્યા હતા.

### કાર્બન ઉત્સર્જન કારણે ગ્લોબલ વોર્મિંગ

# ૨૦૪૦ સુધી દેશના ઘણા શહેરોમાં ગરમી ચારથી દસ ગણી વધી શકે છે

## ડીએસટીના મહામના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઇન ક્લાયમેન્ટ ચેન્જ રીસર્ચના વિશ્લેષણમાં આગાહી કરાઈ

નવી દિલ્હી, તા.૨૬

ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઝડપથી વિકસી રહેલ વિશ્વ સાથે વધી રહેલ કાર્બન ઉત્સર્જન કારણે ગ્લોબલ વોર્મિંગ ધરતીના વાતાવરણ માટે સૌથી મોટો ખતરો બનીને ઉભરી આવ્યું છે. જો આ રીતે જ કાર્બન ઉત્સર્જન થતું રહેશે તો તે ધરતીને ધધકતી ભઠ્ઠીમાં ફેરવી દેશે જેથી માણસો માટે જીવવું અઘરું થઈ જશે. વિશ્વની સાથે સાથે તેની પ્રતિકુળ અસર ભારતમાં પણ વ્યાપકપણે થશે. ડીએસટીના મહામના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન ક્લાયમેન્ટ ચેન્જ રીસર્ચના વિશ્લેષણમાં આ ભવિષ્યવાણી કરાઈ છે કે ૨૦૪૦ સુધી દેશના ઘણા શહેરોમાં ગરમી ચારથી દસ ગણી વધી શકે છે. આ અભ્યાસના રીપોર્ટમાં દાવો કરાયો છે કે ૨૦૪૦ સુધી ગ્લોબલ વોર્મિંગ હેઠળ કાર્બન ઉત્સર્જન પર લગામ લગાવવાના સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે તેમ છતાં ચારથી સાત ગણી ગરમી વધશે અને આ પ્રયત્નો નિષ્ફળ રહ્યા તો ગરમી પાંચથી દસ ગણી વધી શકે છે. જાણકારી અનુસાર ૧૯૬૧થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં હીટવેવના સમયગાળામાં આશરે અઢી દિવસનો વધારો થયો છે.

મહત્વની વાત તે છે કે આ રીપોર્ટ ભારતના હવામાન વિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિકોએ દેશના વિવિધ હિસ્સોમાં જળવાયુ પરિવર્તન અને તેની અસર પર કરવામાં આવેલ અભ્યાસ પરના રિપોર્ટ સાથે મેળ ખાય છે. એક રીપોર્ટ અનુસાર રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૬૦ સુધી ભારતના શહેરોમાં હીટ વેવના સમયગાળામાં વધારો થશે અને આ વધારો બારથી અઢાર દિવસનો હોઈ શકે છે. ખાસ કરીને ઉત્તર પશ્ચિમ ભારતમાં ૩૦ દિવસના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ચાર વખત હિટ વેવ આવી શકે છે જે હીટ સ્ટ્રોકનું કારણ બનશે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે આવા નક્કર ડેટા ભવિષ્યમાં ભારતીય શહેરોમાં વધતી ગરમીને રોકવા માટેના પગલાં લેવામાં મદદરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે આના પર કામ ચાલી રહ્યું છે અને કેન્દ્ર સરકારે તમામ શહેરો માટે હીટ એક્શન પ્લાન બનાવવાનું શરૂ કર્યું છે. એવા શહેરોની ઓળખ કરવામાં આવી રહી છે જ્યાં ગરમીનું મોજું આવવાની સંભાવના છે જેથી લોકો માટે સલામતીના પગલાં લઈ શકાય. સ્કાયમેટ વેધર સર્વિસિસના હવામાનશાસ્ત્ર અને આબોહવા પરિવર્તનના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પાલાવત કહે છે કે હવામાન પરિવર્તનની અસરો લાંબા સમયથી દેખાઈ રહી છે. દર વર્ષે રેકોર્ડ ગરમી નોંધાઈ રહી છે. આવનારા દિવસોમાં આમાં ચોક્કસપણે વધારો થશે અને ઘણી ચિંતાજનક સ્થિતિ ઊભી થશે.

### ૧૯૯૯ (ફેમા)ના એક કેસ હેઠળ ઈડીની કાર્યવાહી

# રાજસ્થાનના મુખ્યપ્રધાનના પુત્ર વૈભવ ગેહલોતને ઈડીનું સમન્સ

## આગામી દિવસોમાં રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે ત્યારે આ દરોડાએ ચર્ચા જગાવી

જયપુર, તા.૨૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ વિદેશી ચલણ મેનેજમેન્ટ એક્ટ ૧૯૯૯ (ફેમા)ના એક કેસ હેઠળ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતના દીકરા વૈભવ ગેહલોતને સમન્સ મોકલાવ્યું છે. ઈડીએ આ સમન્સ એવા સમયે મોકલ્યું છે જ્યારે એજન્સી પહેલાથી જ રાજસ્થાન પેપર લીક કેસમાં રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ ગોવિંદ સિંહ ડોટાસરાના ઠેકાણે દરોડાની કાર્યવાહી કરી છે.

આગામી દિવસોમાં રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે ત્યારે આ દરોડા અને સીએમના દીકરા સામે ઈડીના સમન્સે ચર્ચા જગાવી છે.

ઈડીએ વૈભવ ગેહલોતને દિલ્હી ઓફિસે પૂછપરછ માટે બોલાવ્યા છે. બીજી બાજુ આજે સવારે જ ઈડીની ટીમ રાજસ્થાન કોંગ્રેસ પ્રમુખના જયપુર, દૌસા અને સીકરમાં આવેલા ઠેકાણે ત્રાટકી હતી. હજુ શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે. અત્યાર સુધીની માહિતીના હિસાબે આ દરોડા રાજસ્થાન પેપર લીક કેસમાં મની લોન્ડરિંગની તપાસ મામલે પડાયા છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા ઈડીએ મુંબઈમાં એક હોટેલ ફર્મ સામે મની લોન્ડરિંગની તપાસમાં દરોડાની કાર્યવાહી કરી હતી. તે દરમિયાન જ ફેમાહેઠળ જયપુર, ઉદયપુર, મુંબઈ અને દિલ્હીમાં વિવિધ સ્થળોએ ૨૯થી ૩૧ ઓગસ્ટ સુધી તપાસ અભિયાન ચલાવાયું હતું. આ કંપનીના નિર્દેશ રતન કાંત શર્મા છે જે રાજસ્થાનના સીએમ ગેહલોતના દીકરા વૈભવ ગેહલોતના પાર્ટનર છે.

### 5G થી સુરક્ષા એજન્સીઓનું ટેન્શન વધ્યું

# સાયબર ફ્રોડ રોકવા માટે બનાવાશે સ્વદેશી યોજના

## કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિક સચિવ ચંદ્રાકર ભારતીએ કહ્યું કે સુરક્ષા એજન્સીઓ સામે ઘણા મોટા પડકારો છે

નવી દિલ્હી, તા.૨૬

તાજેતરના સમયમાં, દેશની સરકારી એજન્સીઓ એ 5G ના ઉપયોગને લઈને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો છે. જેમ કે, તેની સ્પીડ એક રીતે વરદાન છે, તો બીજી તરફ સુરક્ષા એજન્સીઓ માટે પણ મોટી સમસ્યા છે. જ્યારે આ સ્પીડનો દુરુપયોગ થાય છે ત્યારે આ સમસ્યા વધી જાય છે.

સુરક્ષા એજન્સીઓના આ પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વિમર્શ ૨૦૨૩નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં આવા સાયબર ગુનાઓ સામે લડવા માટે દેશી રણનીતિ તૈયાર કરવામાં આવશે. બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના મહાનિર્દેશક બાલાજી શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે BPR&Dને ગૃહ મંત્રાલયમાં 5Gના ઉપયોગ માટે કેન્દ્રના શ્રેષ્ઠતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે. તેથી BPR&D કાયદા અમલીકરણ એજન્સીઓ પડકારો અને સમસ્યાઓનો સામનો કરવા માટે સાધનો વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે 5G પર હેકાથોનનું આયોજન કરી રહ્યું છે. આ હેકાથોનમાં ૯ સમસ્યાવાળા વિસ્તારો તૈયાર કરવામાં આવ્યા છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ એ તેની પેટાકંપની ટેલિકોમ સેન્ટર ઓફ એક્સેલન્સ સાથે વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ અને MSMEs સાથે હેકાથોનનું આયોજન કરવા BPR&D સાથે હાથ મિલાવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિક સચિવ ચંદ્રાકર ભારતીએ કહ્યું કે સુરક્ષા એજન્સીઓ સામે ઘણા મોટા પડકારો છે. આમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ થી લઈને મશીન લર્નિંગ અને ઘણું બધું સામેલ છે.

આ ખામીઓનો ઘણા લોકો લાભ લઈ રહ્યા છે અને સિસ્ટમને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, સરકારનો પ્રયાસ ખામીઓને દૂર કરવાનો છે અને તેના માટે દેશમાં જ ઉકેલ શોધવો પડશે. BPR&D ના ડિરેક્ટર રેખા લોહાનીએ જણાવ્યું હતું કે હેકાથોન બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં તેને વર્ચ્યુઅલ રાખવામાં આવ્યું છે.

આ પછી બીજા તબક્કામાં ફિઝિકલ પણ થશે. આવી સ્થિતિમાં, પ્રતિભાગીઓને તેમની કુશળતા દર્શાવવાની સંપૂર્ણ તક મળશે. સાયબર ફ્રોડ અથવા સાયબર સિક્યોરિટી એ સતત પ્રક્રિયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અગાઉ પણ કવચ કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં ૨૦ મુદ્દાઓ સામે આવ્યા હતા. BPR&D દાવો કરે છે કે આવા કાર્યક્રમો નવી ટેક્નોલોજી દ્વારા સિસ્ટમની સમજણને મોટા પ્રમાણમાં સરળ બનાવે છે. અમારી એજન્સીઓને આનો ફાયદો થાય છે. અજય કુમાર સાહુ, ચેરમેન, ટેલિકોમ સેન્ટર ઓફ એક્સેલન્સ, IPS, એડિશનલ ડાયરેક્ટર જનરલે જણાવ્યું હતું કે ગયા વર્ષે વડાપ્રધાને 5G લોન્ચ કર્યું હતું. ત્યાર બાદ અનેક નવા પડકારો આવ્યા છે.

સાયબર ધમકીઓ અને હુમલાઓ વધ્યા છે. પોલીસની સામે સતત નવી સમસ્યાઓ આવી રહી છે. હાલમાં, ભારતમાં ૧૦૫ 5G લેબ વિકસાવવામાં આવી રહી છે, જ્યાં પ્રયોગો વધુ સારી રીતે કરી શકાય છે. ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના CEO કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારી રાજેશ કુમારે જણાવ્યું હતું કે જો કોઈ ઘટના ભારતના દૂરના વિસ્તારમાં બને છે, તો તે ઘટનાનું રિયલ ટાઈમ મોનિટરિંગ 5G દ્વારા કેવી રીતે થઈ શકે છે. આ સાથે જ વિદેશની ધરતી પરથી સાયબર ફ્રોડના પણ ઘણા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આ તમામ બાબતોનો ઉકેલ શું હોઈ શકે તેના પર પણ વિચાર મંથન થશે. BPR&Dના આધુનિકીકરણ વિભાગના DIG રાજશેખરે જણાવ્યું હતું કે તાજેતરમાં ઘણા ઉપકરણોમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનની ઘર વાપસી થઈ ગઈ છે

# નવાઝ શરીફ જ્યાંથી ચૂંટણી લડે ત્યાંથી લડવા ઈમરાનનો પડકાર

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની ઘર વાપસી થઈ ચુકી છે અને તેમણે ચૂંટણીમાં ઝુકાવવા માટે તૈયારી શરુ કરી દીધી છે. તેમને હવે પાકિસ્તાનના અન્ય એક પૂર્વ પીએમ અને તહેરિક એ ઈન્સાફ પાર્ટીના ચેરમેન ઈમરાન ખાને પડકાર ફેંકીને કહ્યુ છે કે, નવાઝ શરીફ આગામી ચૂંટણીમાં ઈચ્છે એ બેઠક પરથી લડી શકે છે અને એ જ બેઠક પરથી હું તેમની સામે ચૂંટણી લડીશ.

હાલમાં સિક્રેટ દસ્તાવેજો લીક કરવાના મામલામાં જેલમાં બંધ ઈમરાનખાને સોશિયલ મીડિયા પર એક વિડિયો પોસ્ટ કરીને નવાઝ શરીફને ચેલેન્જ આપી છે. આ વિડિયો તેમણે પોતાની ધરપકડ પહેલા બનાવ્યો હતો. જેમાં ઈમરાન ખાન કહેતા સંભળાય છે કે, મને એ વાતથી કોઈ ફરક નથી પડતો કે નવાઝ શરીફ કયા મત વિસ્તારમાંથી ચૂંટણી લડશે. હું તેમની સામે ચૂંટણી લડવા માટે તૈયાર છું. હું ચૂંટણી દરમિયાન પ્રચાર સુધ્ધા નહીં કરુ અને આમ છતા ચૂંટણી જીતીશ. આ ચૂંટણીથી તેમને અહેસાસ થઈ જશે કે દેશ બલાઈ ચુકયો છે. આર્મીના દમ પર ચૂંટણી જીતવાના દિવસો ગયા.

પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ પાર્ટીના અધ્યક્ષ નવાઝ શરીફ ચાર વર્ષ બાદ ૨૧ ઓક્ટોબરે પાકિસ્તાન પાછા ફર્યા છે. જેના પર ઈમરાનખાને કહ્યુ છે કે, નવાઝ શરીફ રાહ જોઈ રહ્યા હતા કે મને જેલમાં મોકલવામાં આવે અને મારી પાર્ટીને ખતમ કરવામાં આવે. નવાઝ શરીફ સામે ભ્રષ્ટાચારના જેટલા પણ કેસ હતા તે ક્લોઝ કરી દેવાયા છે.

પાકિસ્તાનમાં જાન્યુઆરી ૨૦૨૪માં ચૂંટણી યોજવાની જાહેરાત પાકિસ્તાનનુ ઈલેક્શન કમિશન કરી ચુકયુ છે. જોકે તારીખોનુ એલાન હજી કરવામાં આવ્યુ નથી.

### તેલંગણામાં ટીવી પર ડિબેટ દરમિયાન

# કેસીઆર પાર્ટીના ધારાસભ્યએ ભાજપના ઉમેદવાર પર કર્યો હુમલો

## ૩૦ નવેમ્બરે યોજાનારી તેલંગણા વિધાનસભાની ચૂંટણીને લઈને એક તેલુગુ ન્યૂઝ ચેનલ દ્વારા ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા.૨૬

૩૦ નવેમ્બરે યોજાનારી તેલંગણા વિધાનસભાની ચૂંટણીને લઈને એક તેલુગુ ન્યૂઝ ચેનલ દ્વારા ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન બીઆરએસના ધારાસભ્યએ ભાજપના ઉમેદવાર સાથે ઝપાઝપી કરી હતી. જો કે, પોલીસ અને અન્ય લોકોએ દરમિયાનગીરી કરીને બંનેને અલગ કર્યા હતા.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. રાજ્યના ભાજપના પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ આરોપ લગાવ્યો હતો કે હૈદરાબાદના કુથબુલ્લાપુરથી બીઆરએસ ધારાસભ્ય કેપી વિવેકાનંદે કુના મતવિસ્તારના ભાજપના ઉમેદવાર શ્રીશૈલમ ગૌડ પર હુમલો કર્યો હતો કારણ કે તેઓ તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપી શક્યા ન હતા. રેડ્ડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિવેકાનંદે શ્રીશૈલમ ગૌડ પર હુમલો કરીને તેમને ગળું દબાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે પોલીસે BRS ધારાસભ્ય સામે કેસ નોંધવો જોઈએ નહીં તો ભાજપ કાયદાકીય લડાઈ લડશે.જ્યારે બીઆરએસના પ્રવક્તા શ્રવણ દાસોજુએ આરોપ લગાવ્યો કે ગૌડે બીઆરએસ ધારાસભ્યના પિતાનો સંદર્ભ આપ્યો હતો, જોકે બંનેએ ચર્ચા દરમિયાન મર્યાદા જાળવવી જોઈતી હતી.વિવેકાનંદ વર્તમાન ધારાસભ્ય છે, જ્યારે શ્રીશૈલમ ગૌર અગાઉ ધારાસભ્ય હતા. બંન્ને પાસેથી શાલીનતા અને સંયમની અપેક્ષા રાખવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે શ્રીશૈલમ ગૌડ સૌ પ્રથમ વિવેકાનંદના માતા-પિતા પર 'હુમલો' કરીને ચર્ચા શરૂ કરવી જોઈતી નહોતી અને શાસક પક્ષના ધારાસભ્યએ તેમના હરીફ પર હુમલો ન કરવો જોઈએ હતો. બંન્ને સમજદારી બતાવવી જોઈએ અને તેઓ સમજી શકતા હતા કે આખી દુનિયા તેમને જોઈ રહી હતી.

### ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડશે

# દ.ગુજરાત વીજ કંપની દ્વારા ટૂંક સમયમાં સ્માર્ટ મીટર લગાડવા કવાયત શરૂ કરાઇ

## સ્માર્ટ મીટરમાં મોબાઈલની જેમ પ્રિપેઈડ કાર્ડ રિચાર્જ કરી વીજળીનો ઉપયોગ કરી શકાશે

સુરત, તા.૨૬

હવે મોબાઈલની જેમ વીજળીના વપરાશ માટે પણ પ્રિપેઈડ કાર્ડ વાપરવામાં આવશે. મોબાઈલ માટે નહિ પરંતુ સ્માર્ટ મીટર માટે સીમ કાર્ડ વપરાશે. સ્માર્ટ મીટરમાં મોબાઈલની જેમ પ્રિપેઈડ કાર્ડ રિચાર્જ કરી વીજળીનો ઉપયોગ કરી શકાય તેવી સુવિધા દક્ષિણ ગુજરાત વીજકંપની દ્વારા ઊભી કરાઈ છે.

વીજ ધારકો હવે પ્રિપેઈડ કાર્ડથી વીજળી ખરીદી ઉપયોગ કરી શકશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ટૂંક સમયમાં ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડવા કવાયત શરૂ કરાઈ છે. આ અંગે ડીજીવીસીએલના એમ.ડી યોગેશ ચૌધરી એ જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાત વીજકંપની આગામી ટૂંક સમયમાં ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડશે. આ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંભવતઃ જૂન ૨૦૨૩ પછી ગમે ત્યારે સ્માર્ટ મીટર લગાડવાનો આરંભ કરી દેવાશે. સ્માર્ટ મીટરમાં વીજચોરી કરનારાઓની માહિતી તો મળી જશે. પરંતુ શિળાયો. ઉનાળો અને ચોમાસાની સિઝનમાં કયા વિસ્તારમાં કેટલો વીજલોડની જરૂરિયાત છે. તેની સચોટ માહિતી મળી રહેશે. જેથી કરીને સિઝન બદલાઈ ત્યારે વીજલોડ મેન્ટેન કરવામાં ડીજીવીસીએલને સરળતા રહેશે. ઉત્તરપ્રદેશ અને બિહારની જેમ ગુજરાતમાં પણ મોબાઈલની જેમ પ્રિપેઈડ કાર્ડથી વીજળી ખરીદવી પડશે એ દિવસ દૂર નથી. સરકારે સ્માર્ટ મીટરના નામે ડિજિટલ વીજ મીટર બદલવાનો તખ્તો ગોઠવી દીધો છે, સ્માર્ટ મીટરના નામે રાજ્યના તમામ ઘરે ઘરે પ્રિપેઈડ કાર્ડવાળા મીટર લગાડી દેવાશે. દરેક ઘરે વીજમીટર લાગી ગયા બાદ સંભવતઃ પ્રિપેઈડ કાર્ડથી વીજળીના વપરાશની સિસ્ટમ રાજ્યભરમાં અમલી બનાવી દેવાશે.

આ સિસ્ટમ લાગુ થયા બાદ જે રીતે મોબાઈલ રિચાર્જ કરાવ્યો હોય તેટલા દિવસ ચાલે તેવી જ રીતે રિચાર્જ કરાવ્યા બાદ યુનિટદીઠ ચાર્જ કપાશે, બેલેન્સ પુરું થયા બાદ વીજ ગ્રાહકોએ રિચાર્જ કરાવવું પડશે.

રિચાર્જ નહીં કરાવો તો વીજપ્રવાહ બંધ થઈ જશે.જેથી સૌથી પહેલા સરકારી કચેરીમાં સ્માર્ટ મીટર લાગશે.એટલુજ નહિ સ્માર્ટ મીટર વીજચોરી અટકાવવા સાથે વીજપ્રવાહ બંધ થઈ જાય તો તેની તાત્કાલિક માહિતી આપી દેશે.

---

### વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતનો શાનદાર દેખાવ

# હાર્દિકનું લિગામેન્ટ ફાટી ગયું, સ્વસ્થ થવામાં બે સપ્તાહ લાગશે

## ઇંગ્લેન્ડ-શ્રીલંકા સામે આગામી મેચમાં રમી શકશે નહી

મુંબઈ, તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમ હાલ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ખુબ સારું પ્રદર્શન કરી રહી છે. હાર્દિક પંડ્યાની ઈજાએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ દરમિયાન ભારતીય ટીમની મુશ્કેલીમાં વધારો કરી દીધો છે. હાર્દિકને બાંગ્લાદેશ સામે થઈ ઈજા હવે વધુ ગંભીર થતી દેખાઈ રહી છે.

પહેલા સમાચાર મળ્યા હતા કે પંડ્યાને પગની ઘૂંટીમાં ઈજા થઈ છે અને તે એક મેચ નહી રમે પરંતુ પછી તે ટીમ સાથે જોડાશે, પરંતુ હવે સમાચાર છે કે તેને લિગામેન્ટ ફાટી ગયું છે જેને સાજા થવામાં બે અઠવાડિયા લાગી શકે છે. હાર્દિક પંડ્યા આવી સ્થિતિમાં આગામી કેટલીક મેચો રમી શકેશે નહી. જો કે ભારતીય ટીમ તેના રિપ્લેસમેન્ટ વિશે વિચારી રહી નથી અને તે હાર્દિકના નોકઆઉટમાં વાપસીની રાહ જોશે. મળેલા અહેવાલ મુજબ હાર્દિકને પગની ઘૂંટીમાં ગ્રેડ-૧ લિગામેંટ ફાટી ગયું છે. જેના કારણે તે ન્યુઝીલેન્ડ બાદ ઈંગ્લેન્ડ અને શ્રીલંકા સામે આગામી મેચમાં રમી શકશે નહી.

બીસીસીઆઈના એક સૂત્રના જણાવ્યા મુજબ નીતિન પટેલની આગેવાની હેઠળની મેડિકલ ટીમ બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)માં હાર્દિકનું નિરીક્ષણ કરી રહી છે.

ઈજા વધુ ગંભીર હોવાનું જણાય છે. તેને લિગામેંટની નાની ઈજા થઈ હોય તેવું લાગે છે જેને સાજા થવામાં સામાન્ય રીતે ઓછામાં ઓછા બે અઠવાડિયા લાગે છે. તેની ઈજા ઠીક થાય તે પહેલા એનસીએતેને રિલીઝ કરશે નહીં. ટીમ મેનેજમેન્ટને મેડિકલ ટીમે કહ્યું છે કે તેઓને આશા છે કે તે જલ્દી મેદાન પર પાછો ફરશે.

---

### શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે કરી જાહેરાત

# દિવાળી બાદ શિક્ષણ વિભાગની વહીવટી જગ્યાઓ ભરવામાં આવશે

## જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક થશે

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના શિક્ષણ વિભાગ માટે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં દિવાળી બાદ શિક્ષણ વિભાગની વહીવટી જગ્યાઓ ભરવામા આવે તેવી શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જાહેરાત કરી છે. જેનો સીધો અર્થ એ થાય છે કે દિવાળી બાદ તમામ જિલ્લાઓને DEO અને DPEO મળશે.

જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક કરી શિક્ષણનું સ્તર સુધારવાની દીશામાં કાર્યવાહી ચાલી રહી છે.

નોંધનિય છે કે રાજ્યમાં ૩૯ DEO-DPEO ની ખાલી જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. જે વ્યવસ્થા હવે સુધરશે. ચાર્જને કારણે અનેક પ્રશ્નો વણઉકેલ્યા છે. જેને લઈને હવે આ વ્યવસ્થા સુધરે તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે. જેની જવાબદારી જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા પર દેખરેખ રાખવાની અને નિરીક્ષણ કરવાની હોય છે, તે ડીઈઓ અને ડીપીઈઓના હવાલાથી વહીવટી કામગીરી સાથે જોડાયેલા હોવાથી શાળાઓની ગુણવત્તા સુધારવાની કામગીરીમાં હાલ અનેક અવરોધ પેદા થઈ રહ્યા છે.

---

### આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી લેવામાં આવી શકે નિર્ણય

# હંગામી કર્મીઓને કાયમી કરવાની ગુજરાત સરકારની વિચારણા

## વર્ગ ૧ થી વર્ગ ૪ની હંગામી જગ્યા કાયમી કરવા માટે વિગતો મંગાવાઈ

ગાંધીનગર, તા.૨૬

રાજ્ય સરકાર દ્વારા સરકારમાં હંગામી જગ્યાઓને કાયમી કરવા તરફ વિચારણા શરૂ કરી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી વર્ગ એક થી લઈને વર્ગ ચાર સુધી હંગામી જગ્યાઓ ને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા માટેની વિગતો વિભાગ પાસે મંગાવાઈ છે. જેમાં હંગામી જગ્યામાં હાલ આઉટસોર્સિંગ કે અન્ય કોઈ રીતે કામ કરતા હોય તો તેની નોંધ લખવાની સૂચના પણ આપવામાં આવી છે.

આરોગ્ય વિભાગના પત્રમાં હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની યોજના સરકારની વિચારણા હેઠળનો છે ઉલ્લેખ કરાયો છે. રાજ્ય સરકારે તાજેતરમાં કરાર આધારિત કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય કર્યો હતો. ફરજ દરમિયાન કરાર આધારિત કર્મચારીનું અવસાન થાય તો ઉચ્ચક ૧૪ લાખની સહાય. આ લાભ વર્ગ-૩ અને ૪ના કરાર આધારિત કર્મચારીને મળશે.

---

### ઈઝરાયલે ઉત્તરગાઝા પટ્ટીના લોકોને ખસી જવા કહ્યું હતું

# ઈઝરાયેલ એરફોર્સે દક્ષિણ ગાઝામાં પણ બોમ્બમારાની શરૂઆત કરી

## આ હુમલાને કારણે ત્યાં સ્થળાંતર કરનારા લોકોની મુશ્કેલી વધી ગઈ છે, તે ત્યાં પણ અસુરક્ષિત અનુભવી રહ્યા છે

જેરૂસલેમ, તા.૨૬

યુદ્ધના શરૂઆતના સમયમાં ઈઝરાયલે ઉત્તરગાઝા પટ્ટીના લોકોને દક્ષિણ તરફ ખસી જવા કહ્યું હતું. તેણે કહ્યું હતું કે તમે અમારા હુમલામાં ત્યાં સુરક્ષિત રહેશો. તેમ છતાં ઈઝરાયલી એરફોર્સના વિમાને દક્ષિણ ગાઝામાં બોમ્બમારો કરવાની શરૂઆત કરી દીધી છે. આ હુમલાને કારણે ત્યાં સ્થળાંતર કરનારા લોકોની મુશ્કેલી વધી ગઈ છે. તે ત્યાં પણ અસુરક્ષિત અનુભવી રહ્યા છે. તેમનું માનવું છે કે એના કરતાં તો તેઓ પોતાના ઘરમાં જ સુરક્ષિત હતા. ગાઝાના અધિકારીઓનું કહેવું છે કે ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા ઈઝરાયલી હુમલા બાદથી અત્યાર સુધીમાં ૬૫૪૬ પેલેસ્ટિનીઓના મોત થઈ ચૂક્યા છે. એક અહેવાલ અનુસાર ગાઝા પટ્ટીના લોકોનું કહેવું છે કે ૨૫ ઓક્ટોબરે અહીં ભારે બોમ્બમારો કરાયો હતો. એક હુમલામાં ઈજિપ્તથી લગભગ ૧૦ કિ.મી. દૂર ખાન યુનિસમાં અનેક એપાર્ટમેન્ટની ઈમારતો ધ્વસ્ત કરી દેવામાં આવી હતી.

આ મામલે ઈઝરાયલી ડિફેન્સ ફોર્સ (આઈડીએફ)નું કહેવું છે કે ભલે હમાસનું મુખ્ય કેન્દ્ર ગાઝા શહેરમાં છે પણ તે હજુ સામાન્ય નાગરિકો વચ્ચે ફેલાયેલો છે. સૈન્યએ કહ્યું કે જ્યાં પણ હમાસના ઠેકાણાં હશે આઈડીએફ તેમને નિશાન બનાવશે.

સામાન્ય નાગરિકોને ઓછું નુકસાન થાય તેના માટે સાવચેતી રખાશે. ઈઝરાયલી સેનાનું કહેવું છે કે જે ઘરોમાં આતંકી રહે છે તેમને જ નિશાન બનાવાઈ રહ્યા છે ભલે તેમની સાથે નાગરિકો પણ રહેતા હોય. ઈઝરાયલી વાયુસેનાના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે ખાનગી ઘર ખાનગી નથી તેમાં હમાસના આતંકીઓ પણ શરણ લઈ રહ્યા છે. ગાઝામાં ઈઝરાયલી સૈન્ય દ્વારા સતત બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં ગાઝામાં ઈઝરાયલના હવાઈ હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા છે.

મીડિયાના અહેવાલો અનુસાર બુધવારે રાતે ઈઝરાયલના હવાઈ હુમલામાં અરબ ક્ષેત્રના મોટા મીડિયા ચેનલ અલ જઝીરાના પત્રકારની પત્ની, દીકરો અને દીકરી મૃત્યુ પામી ગયા હતા. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે આ હુમલામાં ઓછામાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

---

### ભારત સ્થિત ઈઝરાયેલના રાજદૂતનું નિવેદન

# ભારતે હમાસને આતંકી સંગઠન જાહેર કરવાનો સમય આવી ગયો છે

## અમેરિકા અને કેનેડાની જેમ ભારત પણ હમાસને આતંકી સંગઠન જાહેર કરવા ઈઝરાયેલનો ભારતને આગ્રહ

નવી દિલ્હી, તા.૨૬

ભારત સ્થિત ઈઝરાયેલને રાજદૂત નાઓર ગિલોને કહ્યુ છે કે, હવે સમય આવી ગયો છે કે, ભારત દ્વારા હમાસને આતંકવાદી સંગઠન જાહેર કરે. ઈઝરાયેલી રાજદૂતે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, હમાસ સામેના આતંકવાદ વિરોધી ઓપરેશનમાં ઈઝરાયેલનુ સમર્થન કરવા બદલ અમે ભારતનો આભાર માનીએ છે.

ઈઝરાયેલે સાત ઓક્ટોબરે હમાસે કરેલા બર્બરતાપૂર્ણ આતંકવાદી હુમલા બાદ ભારતને આગ્રહ કર્યો છે કે, અમેરિકા અને કેનેડાની જેમ ભારત પણ હમાસને આતંકી સંગઠન જાહેર કરે. આ મુદ્દો અમે ભારત સમક્ષ પહેલા પણ ઉઠાવી ચુકયા છે.

ગિલોને કહ્યુ હતુ કે, દુનિયાના મોટા અને મહત્વના દેશો ઈઝરાયેલની પડખે છે તે મહત્વની વાત છે. કેનેડા, અમેરિકા, યુરોપિયન યુનિયનની જેમ હવે ભારતે પણ હમાસને આતંકી સંગઠન જાહેર કરવુ જોઈએ.

ઈઝરાયેલ પરના આતંકી હુમલાની સૌથી પહેલા નિંદા કરનારા દેશોમાં ભારતના પીએમ નરેન્દ્ર મોદી સામેલ હતા. તેમણે કહ્યુ હતુ કે, ઈઝરાયેલ પોતાનુ અસ્તિત્વ બચાવવા માટે હમાસને ખતમ કરવા માટે કટિબધ્ધ છે. જોકે હાલમાં જે જંગ ચાલી રહ્યો છે તેની અસર ઈઝરાયેલની આર્થિક ક્ષમતા પર નહીં પડે.

ઈઝરાયેલનુ ભવિષ્ય ઉજ્જવલ છે. આખરે તો વિકાસના રસ્તા પર અમે આગળ વધતા રહીશું. પણ તેના પહેલા જરુરી છે કે, તમામ ખતરાઓ સાથે કામ પાર પાડવામાં આવે. એ પછી સ્થિતિ સામાન્ય થઈ શકે છે.

---

### ઈઝરાયેલના ગાઝા પર હુમલા જારી

# મુસ્લિમ દેશોમાં એકતાના અભાવનો લાભ ઈઝરાયેલ ઊઠાવે છે : રઈસી

## મુસ્લિમ જગત એક હોત તો ઈઝરાયેલી આક્રમકતા અને તેને પશ્ચિમના દેશોનું મળી રહેલુ સમર્થન રોકી શકાયું હોત

તહેરાન, તા.૨૬

ઈસ્લામિક દેશોના વિરોધને અવગણીને ઈઝરાયેલે ગાઝા પરના હુમલા ચાલુ રાખ્યા છે. જેની સામે હવે ઈરાને ફરી નિવેદન આપ્યુ છે.

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીએ કહ્યુ છે કે, જો મુસ્લિમ દેશોનુ એક સંગઠન હોત તો ગાઝા પરના ઈઝરાયેલના હુમલા રોકી શકાયા હોત.

મુસ્લિમ દેશો વચ્ચે એકતા નથી એ જોઈને દુખ થાય છે. જેનો ફાયદો ઈઝરાયેલ ઉઠાવી રહ્યુ છે.

તેમણે આગળ કહ્યુ હતુ કે, મુસ્લિમ જગત એક હોત તો ઈઝરાયેલી આક્રમકતા અને તેને પશ્ચિમના દેશોનુ મળી રહેલુ સમર્થન રોકી શકાયુ હોત.

મુસ્લિમ જગતમાં બહેતર સમન્વય હોય તો બહારના દેશોનો હસ્તક્ષેપ રોકી શકાય તેમ છે. આ સંજોગોમાં મુસ્લિમ દેશોએ એક મંચ પર આવીને એકતા બતાવવાની અને પરસ્પર તાલમેલ સાધવાની જરુર છે.

ઈરાનમાં યોજાયેલા જે કાર્યક્રમમાં રઈસીએ ઉપરોક્ત નિવેદન આપ્યુ હતુ તે કાર્યક્રમમાં ઈઝરાયેલના રાજદૂત પણ હાજર હતા. ઈરાનના વિદેશ મંત્રી હુસૈન અમીર પણ અગાઉ કહી ચુકયા છે કે ઈઝરાયેલે ગાઝા પરના હુમલા ના રોક્યા તો મિડલ ઈસ્ટમાં તેના ભયંકર પરિણામ આવી શકે છે.

---

### સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો દ્વારા ખતરાનું એલર્ટ

# કર્ણાટકના પૂર્વ સીએમ બીએસ યેદિયુરપ્પાને ઝેડ કેટેગરીની સિક્યોરિટી

## કર્ણાટકમાં સક્રિય કટ્ટરપંથી સમૂહોમાં સંભવિત જોખમને ધ્યાનમાં રાખી તાજેતરમાં જ આઈબીએ તેમની સુરક્ષાનું મૂલ્યાંકન કર્યું હતું

નવી દિલ્હી, તા.૨૬

કર્ણાટકના પૂર્વ સીએમ અને બીજેપીના વરિષ્ઠ નેતા બીએસ યેદિયુરપ્પાને ઝેડકેટેગરીની સિક્યોરિટી મળી છે. તાજેતરમાં જ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો દ્વારા ખતરાનું એલર્ટ જાહેર કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે.

કર્ણાટકમાં સક્રિય કટ્ટરપંથી સમૂહોમાં સંભવિત જોખમને ધ્યાનમાં રાખી તાજેતરમાં જ આઈબીએ તેમની સુરક્ષાનું મૂલ્યાંકન કર્યું હતું. આઈબીના રિપોર્ટમાં તેમની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ રિપોર્ટ કેન્દ્રીય ગૃહમંત્રાલયને પણ સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમની સુરક્ષા વધારવાનો નિર્ણય લોવામાં આવ્યો છે.

ગૃહ મંત્રાલયના નિર્દેશ પ્રમાણે યેદિયુરપ્પાની સુરક્ષાની જવાબદારી સીઆરપીએફ કમાન્ડોના સશસ્ત્ર જવાનો સંભાળશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે યેદિરુપ્પાની સુરક્ષા માટે કુલ ૩૩ સીઆરપીએફજવાનો તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત તેમના આવાસ પર ૧૦ સશસ્ત્ર સ્ટૈટિક ગાર્ડ તૈનાત રહેશે. તેમની સાથે મળીને પર્સનલ સુરક્ષા અધિકારી ૨૪ કલાક સુરક્ષા નિશ્ચિત કરશે.

તેમના કાફલામાં વિશેષ રીતે પ્રશિક્ષિત કુશળ ડ્રાઈવરોને પણ સામેલ કરવામાં આવ્યા છે જેઓ ખતરાની સ્થિતિમાં તેમને સુરક્ષિત બહાર કાઢવામાં સક્ષમ હશે. સંભવિત ખતરા સામે સતત તકેદારી રાખવા માટે ૧૨ સશસ્ત્ર એસ્કોર્ટ કમાન્ડોને ત્રણ શિફ્ટમાં તૈનાત કરવામાં આવશે. સતત દેખરેખ માટે બે નિરીક્ષકોને શિફ્ટમાં તૈનાત કરવામાં આવશે જેમના બે સ્તરીય સુરક્ષા ઘેરામાં હંમેશા યેદિયુરપ્પા રહેશે. તેમની સુરક્ષામાં તૈનાત થનારા કમાન્ડો માર્શલ આર્ટમાં પણ નિપુણ છે અને હથિયારો વગર લડવામાં પણ પારંગત છે. તેઓ ૨૪ કલાક મશીન ગન અને મોર્ડન કમ્યુનિકેશન ડિવાઈસથી લેશ હશે. યેદિયુરપ્પાના પરિવારના અનેક લોકો રાજનીતિમાં સક્રિય છે. એવો પણ દાવો કરવામાં આવ્યો રહ્યો છે કે, તેમને ચરમપંથી સમૂહો દ્વારા ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ ગૃહ મંત્રાલયે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

---

### ભારત-કેનેડાના સબંધોમાં સુધારાના સંકેત

# ભારત કેનેડામાં કેટલીક વિઝા સેવાઓ શરૂ કરશે

## એન્ટ્રી વિઝા, બિઝનેસ વિઝા, મેડિકલ વિઝા અને કોન્ફરન્સ વિઝામાટેની સેવાઓ ૨૬ ઓક્ટોબરથી ફરી શરૂ કરવા જાહેરાત

ટોરેન્ટો, તા.૨૬

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં સુધારાના અહેવાલ મળી રહ્યા છે. માહિતી અનુસાર ભારતે બુધવારે કહ્યું હતું કે તે ગુરુવારથી કેનેડામાં કેટલીક વિઝા સેવાઓ ફરી શરૂ કરશે. કેનેડામાં ભારતીય હાઈ કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે એન્ટ્રી વિઝા, બિઝનેસ વિઝા, મેડિકલ વિઝા અને કોન્ફરન્સ વિઝામાટેની સેવાઓ ૨૬ ઓક્ટોબરથી ફરી શરૂ થશે.

ખરેખર તો વિદેશમંત્રી એસ જયશંકરે રવિવારે કહ્યું હતું કે જો ભારત કેનેડામાં તેના રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ જોશે તો તે કેનેડિયનો માટે વિઝા સેવાઓ ટૂંક સમયમાં ફરી શરૂ કરવાનું વિચારશે. ઉલ્લેખનીય છે કે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ૧૮ સપ્ટેમ્બરે આરોપો લગાવ્યા બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી.

ટ્રૂડોએ આરોપ લગાવ્યો હતો કે જૂનમાં બ્રિટિશ કોલંબિયામાં ખાલિસ્તાની ભાગલાવાદી આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતના એજન્ટોની ભૂમિકા હતી. જોકે, ભારતે આ આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા હતા. થોડા દિવસો પછી, ભારતે જાહેરાત કરી કે તે કેનેડિયન નાગરિકોને વિઝા આપવાનું કામચલાઉ ધોરણે સ્થગિત કરી રહ્યું છે અને કેનેડાના પણ ૪૧ જેટલાં રાજદ્વારીઓને તગેડી મૂક્યા હતા.

---

### મેક્સિકોમાં કુદરતનો કહેર

# મેક્સિકો કિનારે ઓટિસ વાવાઝોડું ૨૩૦ કિમી ઝડપે અથડાતાં તારાજી

## મેક્સિકોના અકાપુલ્કો પાસે ઓટિસ ચક્રવાત ટકરાયું હતું

મેક્સિકો, તા.૨૬

પેસિફિક મહાસાગરના કિનારે સ્થિત મેક્સિકોમાં ગઈકાલે કુદરતનો કહેર જોવા મળ્યો હતો. મેક્સિકો કિનારે 'ઓટિસ' વાવાઝોડું ૨૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અથડાયું હતું.

જોરદાર પવન અને વરસાદના લીધે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જાય હતી. આ વાવાઝોડાએ લોકોના ઘર, વાહનો, સ્ટ્રીટ લાઈટ, વૃક્ષો અને મોબાઈલ ટાવરને ભારે નુકશાન પહોંચાડ્યું હતું.

મળતી માહિતી મુજબ આ વાવાઝોડું ખૂબ શક્તિશાળી હોવાથી મેક્સિકોમાં ચારેકોર વિનાશ વેર્યો હતો. મેકસીકન સરકારના જણાવ્યા પ્રમાણે વર્ષ ૧૯૫૦ પછીનું આ સૌથી ભયંકર વાવાઝોડું સાબિત થયું છે. તેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. સતાધીશો દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, આ વાવાઝોડું એટલું ખતરનાક હતું તેનાથી બચવા માટે તૈયારી કરવાનો પણ સમય મળ્યો ન હતો કારણ કે ચક્રવાત તેના ઉદ્ભવના ૧૨ કલાકની અંદર દરિયાકાંઠેના વિસ્તારમાં અથડાયું હતું. મેક્સિકોની સિવિલ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, હજુ સુધી લોકોને કેટલું નુકસાન થયું તે અંગે કોઈ આંકડો સામે આવ્યો નથી. છેલ્લા ૧૨ કલાકમાં તેની એવરેજ સ્પીડ ૨૧૫ કિમી પ્રતિ કલાકથી ૧૩૦ કિમી પ્રતિ કલાક થઈ હતી અને હવે તેની સ્પીડ ૪૫ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે, પરંતુ આ બધાની વચ્ચે તેણે અન્ય જગ્યાએ ઘણું નુકસાન કર્યું છે.

મેક્સિકોના અકાપુલ્કો પાસે 'ઓટિસ' ચક્રવાત ટકરાયું હતું જ્યાં ૧૦ લાખ લોકો રહે છે. મેક્સિકોનું આ એક મોટું પર્યટન સ્થળ છે જે આ વાવાઝોડાના ઝપેટમાં આવતા બરબાદ થઈ ગયું છે. મેક્સિકોના રાષ્ટ્રપતિએ મીડિયાને કહ્યું છે કે, આ ચક્રવાત જે વિસ્તારોમાંથી પસાર થયું છે તેને જોડવાના અમે પ્રયાસો કરી રહ્યા છીએ.

# બાબરા ખાતે નવરાત્રિની ૫૫૦ બાળાઓને લ્હાણી વિતરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સ્વર્ગસ્થ નંદલાલભાઈ પોપટ તેમજ લતાબેન પોપટની દિવ્ય પ્રેરણા થકી બાબરામાં ઉમિયાનગર ખાતે ખાદી ભંડાર મિત્ર મંડળ દ્વારા બાબરા તેમજ અમરાપરા વિસ્તારની પ્રાચીન શેરી ગરબા, રાસ ગરબાની ૫૫૦ જેટલી બાળાઓને લ્હાણી વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય અને ભવ્ય કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, તાલુકા પંચાયતના સભ્ય બી. કે. ભારદિયા, પત્રકાર રાજુભાઈ બસિયા, શોકતભાઈ ગાંગાણી, નરેશભાઈ દસલાણીયા, સુરેશભાઈ ધાખડાં, ભુપતભાઈ બસિયા, નરેન્દ્રભાઈ ત્રિવેદી, દીપકભાઈ સેદાણી, ધર્મેશભાઈ વાવડીયા, મહેશભાઈ ચૌહાણ, જિગુબેન શકોરિયા સહિતના સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ, જીનીંગ ઉધોગપતિ, ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય ઘનશ્યામદાસબાપુ દ્વારા સમગ્ર કાર્યક્રમને શુભેચ્છાઓ સહ આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ સ્થાનિક અગ્રણીઓ દ્વારા ખાદી મિત્ર મંડળ દ્વારા તમામ બાળાઓને ઈનામ વિતરણ કાર્યક્રમને બિરદાવ્યું હતું. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણીનું પૂજય ઘનશ્યામદાસબાપુના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવામાં ખાદી ભંડારના મિત્રો તેમજ મેલડીમાં ગૃપના સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં 'મારી માટી મારો દેશ'**

તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના પદાધિકારીઓ અને પાર્ટીના હોદ્દેદારો દ્વારા આ અમૃત કળશ યાત્રામાં સહભાગી થઈ ગામે ગામ, શેરીએ શેરીએથી વતનની માટી એકઠી કરવામાં આવી હતી. એકઠી કરવામાં આવેલી માટી રાજય કક્ષાએ થઈ અને તા. ૨૯–૩૦ ઓકટોબરના રોજ નવી દિલ્હી ખાતે પહોંચશે.

કૌશિકભાઈ વેકરીયાએ વધુમાં જણાવ્યું કે, પ્રદેશના સન્માનીય અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આગામી તા. ૨૭ ઓકટોબરે અમદાવાદ, સાબરમતી રીવરફ્રન્ટ ખાતે પ્રદેશ સ્તરનો મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લામાંથી ૪૫ જેટલી બસો, પ્રાઈવેટ વાહનોમાં આશરે ૫૦૦૦ જેટલા કાર્યકર્તાઓ અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં જોડાશે.

''અમૃત કળશ'' યાત્રા કાર્યક્રમમાં વિવિધ ગામની એકત્ર કરવામાં આવેલી માટીને ''અમૃત કળશ''માં ભરવામાં આવી હતી. ગ્રામ પંચાયતોમાંથી એકઠી કરવામાં આવેલી માટી તાલુકા સ્તર પર અને ત્યાંથી રાજય સ્તરે થઈ અને રાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં આવશે. રાજધાની દિલ્હીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ફરજ પરના શહીદોની યાદમાં ''અમૃત વન'' તૈયાર કરવામાં આવશે, જેમાં આ માટી દ્વારા છોડ રોપવામાં આવશે.

અમરેલી જિલ્લામાં અગાઉ પ્રથમ ચરણમાં ''મારી માટી મારો દેશ'' અભિયાન યોજાયું હતુ. જિલ્લામાં ૬૦૦ ગ્રામ પંચાયત, ૧૧ તાલુકા પંચાયત, ૯ નગરપાલિકા સહિતના વિસ્તારોમાં આ અભિયાન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા અને સૌ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર જિલ્લામાં ૬૨૦ શિલાફલકમનું અનાવરણ, ૬૪૪ અમૃત વિકાસ વાટિકાનું સર્જન, દેશી કુળના ૪૯,૨૫૮ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. જિલ્લામાં ૭૧૪ વીરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત ૩૮,૫૫૨ નાગરિકોએ મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત આ મહાપર્વમાં ભાગ લઈને પોતાની સેલ્ફી અપલોડ કરી હતી. દેશભકિતના આ મહાપર્વમાં ૫૭,૨૫૭ નાગરિકોએ રાષ્ટ્રગાન અને ધ્વજવંદ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ભારતીય જનતા પાર્ટી દ્વારા મારી માટી મારો દેશ અભિયાન અંતર્ગત પ્રદેશ કક્ષાએથી કાર્યકર્તાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. આ સમિતિમાં પ્રદેશ ટીમમાં નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયાને પણ જવાબદારી સોંપવામાં આવી હતી. આ કડીના ભાગરૂપે તેમણે અમરેલી જિલ્લા ઉપરાંત ભાવનગર જિલ્લો, જૂનાગઢ જિલ્લામાં, ગીર સોમનાથ જિલ્લામાં કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી વિદ્યાસભામાં**

અંતર્ગત સ્કોલરશીપ સ્વરૂપે આપવામાં આવશે. શાળામાં અનેક એકસલન્સ સુવિધાઓ સાથે વિદ્યાર્થીઓ વિશ્વસ્તરીય અભ્યાસ મેળવશે. ધોરણ–૬ થી ૮ માં મિશ્ર માધ્યમ અને ધોરણ–૯ થી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી શકે તેવા સિલેબસ અને શિક્ષણ વિભાગના ગાઈડલાઈન મુજબના કવલીફાઈડ શિક્ષકો ધ્વારા થશે શિક્ષણ કાર્ય. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મળશે બેસ્ટ ટીચીંગ, બેસ્ટ રેસિડેન્સ અને બેસ્ટ ફૂડ.

શાળામાં સ્માર્ટ કલાસ, અધ્યતન એટીએલ લેબ, સાયન્સ લેબ, વર્કશોપ ડી એન્ડ ટી લેબ, લેન્ગવેજ લેબ, મ્યુજીક રૂમ જેવી અનેક અધ્યતન સુવિધાઓ મળશે.

વિદ્યાસભા સંસ્થાને ચાલું વર્ષે બેસ્ટ સ્કૂલ એવોર્ડ શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે મળેલ છે. શિક્ષણ હોય, સ્પોર્ટસ હોય કે અત્યાધુનિક ટેકનોલોજી સાથેની સુવિધા હોય હંમેશા અગ્રેસર રહી અમરેલી જિલ્લાનાં છેવાડાના ગામડાઓ સુધી શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન થયા છે. પાયાના શિક્ષણથી લઈ પ્રોફેશનલ ડીગ્રી સુધી અમરેલીના આંગણે જ્ઞાન શકિત રેસિડન્શિયલ સ્કૂલ શરૂ થવા જઈ રહી હોય ત્યારે વિદ્યાસભા સંસ્થા મેનેજમેન્ટને શિક્ષણપ્રેમી જનતા તરફથી તેમજ સંચાલક મિત્રો, અમરેલી અગ્રણીઓ, સામાજિક, સેવાકીય સંસ્થાઓ વગેરે તરફથી સાર્વત્રિક અભિનંદન સાથે શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

કેન્દ્ર સરકારની નવોદય યોજના જેવી જ ધોરણ–૬માં પ્રવેશ મેળવી યોજનાનો લાભ મેળવે તેવી આ રાજય સરકારની યોજના વિદ્યાર્થીઓમાં આશીર્વાદરૂપ સાબિત થશે.

તા. ૨૬/૧૦/૨૩થી શાળા પસંદગી માટે ઓનલાઈન પોર્ટલ શરૂ થયેલ છે જેમાં અમરેલી વિદ્યાસભાની મર્યાદિત સીટ ખૂબ જ ઝડપથી ફાળવાય રહી છે. વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ મેળવી રહ્યા છે ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ.

સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, સંસ્થામાં ફકત શિક્ષણ નહિ પરંતુ સર્વશ્રેષ્ઠ શિક્ષણ સાથે બાળકોનો સર્વાંગી વિકાસ કરવો તે માટે સંસ્થા મેનેજમેન્ટ કટીબધ્ધ છે. સંસ્થામા મંત્રી મનસુખભાઈ ધાનાણી, ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી ધ્વારા સેમેસ્ટર–૨ માં યોજના અંતર્ગત પસંદગી પામેલ વિદ્યાર્થીઓ માટે પહેલા દિવસથી જ શ્રેષ્ઠ સુવિધાઓ સાથે સંપૂર્ણ અભ્યાશિક વાતાવરણમાં સર્વાંગી વિકાસની રાહ પર શિક્ષણકાર્ય શરૂ થાય તે માટે તૈયારીઓ શરૂ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં દિવાળી સહિતનાં**

ઉત્સર્જન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવી છે. આ સિવાયના તમામ ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. 'ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રીમ કોર્ટના તા. ૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાનું જ વેચાણ કરવાનું રહેશે.સિરીઝમાં જોડાયેલા ફટાકડા ( ફટાકડાની લૂમ ) (Series Cracker) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી,ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

'હાનિકારક પ્રવનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય પ્રવનિ સ્તર વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર 'PESO ની સૂચના પ્રમાણેનું' માર્કિંગ હોવું જરૂરી છે.

'હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક, સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

'કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

'ઈ–કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકશે નહિ, ઓનલાઈન વેચાણ કરી શકશે નહિ.

'લોકોને અગવડ ઊભી ન થાય,કોઈ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમરેલી જિલ્લાના તમામ વિસ્તારોના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી./ બોટલિંગ પ્લાન્ટ,એલ.પી.જી.ગેસના સ્ટોરેજ તથા અન્ય જવલનશીલ પદાર્થોને સંગ્રહ કરવા ગોદામો તથા હવાઈમથક નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

'કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/ આતશબાજ બલૂન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકશે નહિ.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરાનાં ઝાંઝરીયા ગામનાં**

તેવું ઉદાહરણરૂપ દાખલો બેસાડવા માટે આવેદન આપવામાં આવ્યું. આવેદનપત્રમાં અનુ.જાતિ મંડળના દરેક તાલુકાનાં પ્રમુખ, મંત્રી અને સામાજિક આગેવાનો જોડાયા હતા. તેમ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ અનુ.જાતિ/અનુ. જનજાતિનાં મહામંત્રી જે.પી. ભાસ્કરની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમર ડેરી ખાતે શરદોત્સવ મિલ્ક ડે ઉજવાશે**

મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ, ધારાસભ્યો સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે અને ખેલૈયાઓને આકર્ષક ઈનામો અપાશે અને મહેમાનોને દૂધપૌઆ તથા અલ્પાહાર કરાવાશે.

આ કાર્યક્રમમાં દૂધ ઉત્પાદકો તેમજ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, એમ.ડી. ડો. પટેલ ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** રાજકોટ નિવાસી વિષ્ણુકુમાર લાલજીભાઈ રાજદેવ (ઉ.વ. ૬૪) તે સ્વ. લાલજીભાઈ રાજદેવના પુત્ર તેમજ અરવિંદભાઈ તથા સ્વ. માવજીભાઈનાં ભાઈ તેમજ અમરેલી નિવાસી સ્વ. વૃજલાલ હરજીવનદાસ વસાણીનાં જમાઈ તેમજ પ્રદિપભાઈ વૃજલાલ વસાણી અને હરીશભાઈ વૃજલાલ વસાણીનાં બનેવીનું તા. ૨૫ને બુધવારનાં રોજ અવસાન થયેલ છે.

**બગસરા :** ગં.સ્વ. હીરાબેન વાડીલાલ શુકલ તે યોગેશભાઈ વી. શુકલ (નિવૃત કોમ્પ્યુટર લેકચરર કોલેજ અમરેલી) કલ્પનાબેન વી. શુકલ (નિવૃત શિક્ષિકા બગસરા કન્યાશાળા) તેમજ હર્ષાબેન વી. શુકલ (રાજકોટ)ના માતુશ્રીનું તા. ૨૬/૧૦/૨૩ના રોજ અમરેલી અવધ રેસીડન્સી નિવાસસ્થાને અવસાન થયેલ છે. તેમનુ અમરેલી ખાતે 'અવધ રેસીડન્સી બ્લોક નંબર બી.૬' ખાતે તા. ૨૮/૧૦/૨૩ શનીવારના રોજ બપોરના ૪ થી ૬ સુધી તેમજ બગસરા નિવાસ સ્થાને (સ્વામી વિવેકાનંદ સોસાયટી શેરીનં. ૫ જેઠવા મંડપ સર્વિસ પાસે, બગસરા) તા.૩૦/૧૦/૨૩ને સોમવારે બપોરના ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

## જાહેર સુચના

આથી જણાવવામાં આવે છે કે અમો અમરસેડા નિશાબેન રમણીકભાઈ મુખ્ય પ્રયોજક સુસિત શ્રી ધનલક્ષ્મી શરાફી સહકારી મંડળી લી. મુ.તા. બગસરા, જી. અમરેલીનું કાર્યક્ષેત્ર બગસરા, ધારી, અમરેલી વિસ્તાર પુરતું રાખેલ હોય, જેની નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ–અમરેલીને નોંધણી માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ સૂચિત મંડળીના સૂચિત કાર્ય વિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ સહકારી મંડળીઓ તથા સબંધિત સંસ્થાઓને વાંધા સૂચનો હોય તેમને આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી લેખિતમાં રજુઆત દિન–૧૦ માં અમોને નીચેના સરનામે અથવા તો જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓની કચેરી, સી–બ્લોક, ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલીની કચેરીમાં કચેરી સમય દરમિયાન રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

તા. ૨૭/૧૦/૨૦૨૩

**અમરસેડા નિશાબેન રમણીકભાઈ**
**મુખ્યપ્રયોજક**
**સુસિત શ્રી ધનલક્ષ્મી શરાફી સહકારી મંડળી**
**લી. બગસરા**

**વાંધા સ્વીકારવાનું સ્થળ :** (૧) ફાયર સ્ટેશનની બાજુમાં મેઘાણી નગર શેરી નં.૪ (૨) જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ બ્લોક–સી, ત્રીજો માળ બહુમાળી ભવન, અમરેલી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૬ | ૧૪૭૬ |
| ૨ | મગફળી | ૧૦૫૧ | ૧૧૬૫ |
| ૩ | સોયાબીન | ૯૦૧ | ૯૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૧ | ૧૨૭૦ |
| ૨ | શિંગ મોટી | ૯૭૫ | ૧૩૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૪૯૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૭૦૦ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૪૪૪ |
| ૭ | જુવાર | ૪૪૪ | ૧૧૨૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૩૭ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૯ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૮૯૫ | ૧૩૩૧ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૦૨ | ૧૨૮૦ |
| ૧૩ | કપાસ | ૯૮૦ | ૧૫૨૫ |
| ૧૪ | એરંડા | ૧૦૫૦ | ૧૧૪૩ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૧૬ | સોયાબીન | ૭૩૦ | ૯૫૦ |
| ૧૭ | રજકાનું બી | ૧૧૫૦ | ૪૨૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૧૨૩૭ | ૧૩૬૩ |
| ૩ | તલ સફેદ | ૨૬૮૦ | ૩૨૬૦ |
| ૪ | કાળા તલ | ૨૯૧૦ | ૩૪૩૦ |
| ૫ | ઘઉં | ૪૫૮ | ૫૩૨ |
| ૬ | ચણા | ૯૨૩ | ૧૧૮૭ |
| ૭ | સોયાબીન | ૮૫૪ | ૯૨૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૫૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૪૦૧ |
| ૪ | કપાસ | ૧૩૮૦ | ૧૫૨૧ |
| ૫ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૭૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૦ |
| ૭ | બાજરો | ૩૭૮ | ૪૭૦ |
| ૮ | જુવાર | ૬૮૬ | – |
| ૯ | મકાઈ | ૫૨૦ | – |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૨૧૩ |
| ૧૧ | સોયાબીન | ૮૨૦ | ૯૩૮ |
| ૧૨ | એરંડી | ૧૧૪૬ | – |
| ૧૩ | ધાણા | ૧૦૫૦ | ૧૨૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૧૮૧ |
| ૩ | ઘઉં | ૩૯૭ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૫ | ધાણા | ૧૦૪૦ | ૧૨૪૫ |
| ૬ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૭ | કાળા તલ | ૩૧૨૫ | ૩૧૨૫ |
| ૮ | સફેદ તલ | ૨૯૨૫ | ૨૯૨૫ |
| ૯ | સોયાબીન | ૭૭૫ | ૯૧૬ |
| ૧૦ | તુવેર | ૨૨૦૫ | ૨૨૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૪ |
| ૨ | ચણા | ૧૧૪૫ | ૧૨૪૨ |
| ૩ | જીરૂ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૪ | સોયાબીન | ૮૫૧ | ૯૨૦ |
| ૫ | મેથી | ૭૭૫ | ૭૭૫ |
| ૬ | મગફળી | ૧૧૮૦ | ૧૨૪૨ |
| ૭ | મગ | ૩૧૨૫ | ૧૬૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૮ | ૫૬૭ |
| ૯ | તલ સફેદ | ૨૩૦૦ | ૩૩૦૦ |
| ૧૦ | લસણ | ૮૦૫ | ૮૦૫ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | મકાઈ | ૫૧૩ | ૫૧૩ |
| ૧૪ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૪૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૧ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૮૩ |
| ૬ | જુવાર | ૧૧૮૬ | ૧૨૦૧ |

## નોટબંધી વખતના ૭ વર્ષ પહેલાના દિવસોની યાદ તાજા થઇ

# નવી દિલ્હીમાં રીઝર્વ બેન્ક સામે ૨ હજારની નોટ બદલવા લાઇન લાગી

**સ્થાનિક બેન્કોમાં ૨ હજારની નોટ બદલવાનો ટાઇમ પૂર્ણ થતા રીઝર્વ બેન્કમાં હાલમાં નોટ બદલી અપાતા લાંબી લાઇનો લાગી**

**કોઇ વ્યકિત બે કે કોઇ વ્યકિત પાંચ નોટ લઇને ૨ થી ૩ કલાક સુધી લાઇનમાં ઉભા રહીને બદલાવી રહ્યા છે**

**સરકારે ૨ હજારની નવી નોટ તો બહાર પાડી પરંતુ ૭ વર્ષમાં તે નોટ પણ બંધ કરવાનો નિર્ણય કર્યો**

**નોટની પ્રિન્ટીંગથી લઇને અન્ય ખર્ચ એળે ગયો અને જનતાને પુનઃ લાઇનમાં ઉભા રહેવું પડયું**



અમરેલી, તા. ૨૬

૮ નવેમ્બર ૨૦૧૬ ના રોજ રાત્રિના ૮ કલાકે પ્રધાનમંત્રીએ અચાનક રૂપિયા ૫૦૦ અને ૧ હજારના દરની નોટ ભ્રષ્ટાચાર નાબુદી, કાળાધનની વાપસી, આતંકવાદ અને નકસલવાદનાં અંત માટે બંધ કરીને બાદમાં જે રીતે બેન્કોની બહાર દેશવાસીઓની કતાર લાગી તેવા દ્રશ્યો આજે પુનઃ નવી દિલ્હીની રીઝર્વ બેન્કની બહાર જોવા મળ્યા અને જનતા ૨ હજારના દરની બદલવા કલાકો સુધી લાઇનમાં ઉભા રહેવા મજબુર બન્યા.

પ્રધાનમંત્રીએ ૫૦૦ અને ૧ હજારની દરની નોટના કારણે કાળુધન સંગ્રહ થતુ હોવાનું જણાવ્યું પરંતુ આશ્ચર્યજનક રીતે ૨ હજારની નોટ પ્રસિદ્ધ કરાવી અને તેનું આયુષ્ય પણ માત્ર ૭ વર્ષનું જ રહયું અને ૨ હજાર દરની નોટ પણ બંધ કરવામાં આવી. સ્થાનિક બેન્કોમાં ૨ હજારના દરની નોટ બદલવાનો સમય પૂર્ણ થતા રીઝર્વ બેન્કમાં થોડા દિવસો માટે ૨ હજારનાં દરની નોટ બદલી આવતી હોય કોઇના ઘરમાંથી મળી આવેલ કે ગૃહિણીઓ પાસેથી નીકળતી બે–પાંચ કે દશ નોટ બદલવા માટે નાગરિકોને રીઝર્વ બેન્કની બહાર ૨ થી ૩ કલાક સુધી લાઇનમાં ઉભુ રહેવું પડે છે. નવી દિલ્હીની રીઝર્વ બેન્ક સામે આજે લાઇન નિહાળીને સૌ કોઇને નોટબંધીના કપરા દિવસો યાદ આવ્યા હતા. જો કે દેશના મીડિયા જગતે આ સમાચારને બહુ પ્રાધાન્ય આપ્યુ નથી તે પણ હકીકત છે.

### પોલીસ અધિક્ષકની સૂચનાથી

## ઉના : એસઓજીએ ઘરફોડ ચોરીમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

**આરોપી જેશીંગ ચૌહાણ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ**

ઉના, તા. ૨૬

ગીર સોમનાથ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા જીલ્લામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવા કરેલ સુચના મુજબ, ગીર સોમનાથ એસ.ઓ.જી. ઇન્ચાર્જ પો.ઈન્સ. એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઇ. સુભાષ ચાવડા, ઈબ્રાહીમશા બાનવા, પો.હેડ કોન્સ. સલીમ મકરાણી, ગોપાલસિંહ મોરી, ધર્મેન્દ્રસિંહ ગોહીલ, મેહુલસિહ પરમાર સહિતનો પોલીસ સ્ટાફ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સંયુકતમાં મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે ઉના પો.સ્ટે. ગુ.ર.નં. ૯૭૮/૨૦૨૧ ઈ.પી.કો. કલમ–૪૫૪,૩૮૦ મુજબના ગુન્હાના કામે છેલ્લા બે વર્ષથી નાસતો–ફરતો તેમજ આણંદના અલગ અલગ પોલીસ મથકમાં અંદાજિત ૭ જેટલા ગુન્હાનો ઈતિહાસ ધરાવતો જેશીંગ દીલીપભાઈ ચૌહાણ, મારવાડી નટ (ઉવ.૩૦), રહે. ઘાંટવડને એસ.ઓ.જી. ટીમે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

### રાજય સરકારે ખેડૂતોના હિતમાં ફાર્સ્ટ કોર્ટની સ્થાપના કરવી જરૂરી

## ખેતીવાડી અધિકારીએ હલકી જંતુનાશક દવા વેચતા વેપારી ઉપર કરેલ ફરીયાદનું સમન્સ ૨૨ વર્ષે આવ્યું

**પ્રદેશ કોંગી પ્રવકતા મનહર પટેલે નારાજગી વ્યકત કરી**

ગાધીનગર, તા.૨૬

ગુજરાત પ્રદેશ કોંગી પ્રવકતા મનહર પટેલે ખેડૂતોના હિતમાં ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવા માંગ કરેલ છે.તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે એક ખેતીવાડી અધિકારીએ વર્ષ ૨૦૦૧ મા હલકી ગુણવત્તાની જંતુનાશક દવાનો કેસ ભાવનગરના શિહોર કોર્ટમા દાખલ કરેલ, વર્ષ ૨૦૦૩ સુધી કેસની મુદત પડતી અને દર વર્ષે ચાર–પાંચ મુદત આવતી, ૨૦૦૩ સુધી મુદતની જાણ મજકુર ખેતીવાડી અધિકારીને હતી અને ત્યા સુધી તે કોર્ટમા હાજરી પણ આપતા હતા, પરંતુ વર્ષ ૨૦૦૩ પછી તે ખેતીવાડી અધિકારીને મુદતની તારીખ જાણ થતી જ બંધ થઈ ગઈ અને વર્ષ ૨૦૨૩મા એટલે કે હવે આ અધિકારી નિવૃત થયા બાદ કેસ બોર્ડ ઉપર આવેલ છે. આમ એક પેઢી જેટલા લાંબા સમય સુધી આ નબળા અને હલકા એગ્રી ઈનપુટસ વેચતા રહ્યા, આમ આટલા લાંબા સમય પછી કોર્ટમા કેસ બોર્ડ ઉપર આવતા હોય તો શુ ખેડુતોને ન્યાય મળવાની અપેક્ષા જીવંત રહે ? ઈમાનદાર ખેતીવાડી અધિકારીએ પોતાની ફરજ દરમ્યાન નબળા અને હલકા એગ્રી ઈન્પુટસ વેચતા વેપારીઓ ઉપર ફરિયાદ કરીને કોર્ટ કાર્યવાહી કરી તેનુ અંતે પરિણામ શુ આવ્યુ ? સરકારમા ફરજ બજાવતા આવા ઈમાનદાર ખેતીવડી અધિકારીઓને કામ કરવાનો ઉત્સાહ રહે ? આમ ગોકળગાયની મંદગતિએ ચાલતી વહીવટીપ્રક્રીયાથી રાજય સરકાર ખેડુતોને ન્યાય અપાવી શકે ? ટુંકમા ગુજરાત સરકારની ખેડુત વિરોધી માનસિકતા હલકી અને નબળી ગુણવત્તાયુક જંતુનાશક દવા, બિયારણ અને ખાતર વેચતા વેપારીઓને સીધી અને આડકતરી રીતે પ્રોત્સાહન પુઢ પાડે છે, અને તેના કારણે આવા અનઅધિકૃત એગ્રી ઈન્પુટ્સ વેચતા વેપારીઓનો વિસ વધે છે અને રાજયના ખેડુત વર્ષે કરોડો ઢપિયાની આર્થિક નુકશાની ભોગવે અને અને તે પૈકીના અમુક આત્મહત્યાના પગલા ભરવા મજબુર થાય છે.

### શરદ પૂર્ણિમાનાં પવિત્ર દિવસે

## અમરેલીમાં નિર્માણાધિન તપોવન આશ્રમ ખાતે ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન

**સારહિ પરિવાર અને બહેરા–મુંગા અને અંધ કન્યા છાત્રાલયનાં બાળકો આહુતી આપશે**



અમરેલી, તા.૨૬

સારહી તપોવન આશ્રમ ખાતે શરદપુનમનાં પવિત્ર દિવસે ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞ માં સારહી પરિવારનાં સભ્યો તથા બહેરા–મુંગા શાળા અને અંધ કન્યા છાત્રાલયનાં બાળકો યજ્ઞમાં આહુતી આપશે.

નિરાધારનો આધાર સારહી તપોવન આશ્રમ ખાતે સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર તપોવન આશ્રમનું નિર્માણકાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ યોજવામાં આવે છે.

આ વખતે તા.૨૮/૧૦/૨૦૨૩ ને શનિવાર અને શરદપુનમનાં પવિત્ર દિવસે નવનિર્મિત બિલ્ડીંગનાં હોલમાં '૨૪ કુંડી ગાયત્રી યજ્ઞ' સારહી તપોવન આશ્રમમાં યોજાનાર યજ્ઞનાં દર્શનનો સમય તા.૨૮/૧૦/૨૦૨૩ ને શનિવારે સવારે ૧૦ થી ૧૨:૩૦ સુધીનો રહેશે. તેમ યાદી જણાવે છે.

## અમરેલીમાં સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન ૪.૦ યોજાશે

અમરેલી તા. ૨૬

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,અમરેલી દ્વારા વિદ્યાસભા સ્કૂલથી સરદાર સર્કલ, સરદાર સર્કલથી રાજકમલ ચોક સુધી અને ફરી પરત વિદ્યાસભા સ્કૂલ સુધીના રૂટ પર આગામી તા.૨૮ ઓકટોબર,૨૩ને શનિવારના રોજ સવારે ૦૭ કલાકે સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન ૪.૦ યોજાશે. અમરેલીના જિલ્લાના નાગરીકો વધુમાં વધુ આ રનમાં ભાગ લે તે માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ભૂતપુર્વ વિદ્યાર્થીઓ વર્ષો બાદ એકત્ર થયા

## સુરત અને જુની હળિયાદ ખાતે ગુરૂવંદના સહિતના કાર્યક્રમો યોજાયા

**ભાવવિભોર વાતાવરણ ઉભુ થયું**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

અમરેલી, તા.૨૬

તાજેતરમાં જી.પી.માં શાળા જુની હળિયાદનાં વર્ષ–૨૦૦૦ ની બેન્ચના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એવોર્ડ વિનર આચાર્ય આર.વી.વિસાવળિયાનાં માર્ગદર્શન નીચે પોતાનાં જીવનનાં ઘડવૈયા ગુરૂજનોનો 'ગુરૂવંદના' કાર્યક્રમ સુરત મુકામે ભવ્ય રીતે ઉજવ્યો. તમામ ભુતપુર્વ વિદ્યાર્થીઓએ સહપરિવાર પુષ્પવર્ષા સોથ ગુરૂજનોને સ્ટેજ સુધી પધરામણી કરી.

શાળા પ્રાર્થના અને દિપપ્રાગટય બાદ ૩ ગુરૂજનો અને ૫ સહાધ્યાયીઓ જે હાલ નથી તેમને શ્રદ્ધાજંલિ આપી મનિષા ગુણા શબ્દોથી સ્વાગત બાદ વિસાવળિયા, ભુવા, રેખાબેન અને વઘનાસિયાનું ગુરૂમાતાઓ સોથ પુષ્પગુચ્છ છાલ એન મોમેન્ટોથી સન્માનિત કરેલ.

શાળાના પટ્ટાવાળ સંજયભાઈ જોષી તો સન્માનથી ભાવવિભોર થઈ ગયા ૨૩ વર્ષ પછી પટ્ટાવાળાનું કોઈ આવું સન્માન કરે તે સરાહનિય એન કાબેલિદાદ બીના છે. કાર્યક્રમનો હેતું તમામ સહાધ્યાયીઓ સહપરિવાર મળે, એકબીજાનાં સુખ દુ:ખમાં ભાગીદાર બને અને એકબીજાને પરિસ્થિતિ મુજબ ઉપયોગી થવાનો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને ખર્ચ રસિકભાઈ સતાસિયા (મુમયાસર) એ કહેલ આ કાર્યક્રમમા ભાવેશ રફાળિયા, લાભુભાઈ સતાસિયા, ભુપતભાઈ માંદળિયા, સંજય બલદાણિયા, વી.ડી. આંસોદરિયા, ગૌરવ ભુવા, ધ્રૃવીલ કયાડા અને તમામ સહાયધ્યાયીઓ સહપરિવાર હાજર હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ૧૯૯૬ની બેન્ચનાં વિદ્યાર્થી અને સુરતનું ઘરેણું ભાવેશભાઈ રફાળિયા હતા. તેમણે સમગ્ર જુની હળિયાદ હાઈસ્કુલનાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમની જાહેરાત કરેલ.

વિજય વિસાવળિયા, વી.ડી. આંસોદરિયા, ભાવેશ રફાળિયા અને રસિકભાઈ સતાસિયાએ પ્રાંસગિક પ્રવચનો આપેલ. તમામ ગુરૂજનોએ શિષ્ય પરિવારોને આર્શીવાદ સાથે આભાર વ્યકત કરી ધન્યતા અનુભવેલ.

ગુરૂવંદનાનો આવો જ એક કાર્યક્રમ ભુપતભાઈ માંદળિયાએ જુની હળિયાદમાં અત્યાર સુધીનાં તમામ પ્રા.શાળા અને મા.શાળાનાં શિક્ષકોને યાદ કરી, હયાત ન હોય તેમના સંતાનોને બોલાવી સમગ્ર ગ્રામ સમસ્ત કાર્યક્રમમાં પુષ્પગુચ્છ, છાલ, મોમેન્ટો, પેન અને તમામ ગુરૂમાતાઓને રૂા.૨૫૦૦ નાં પટોળાથી ભવ્ય સન્માન કરી સમાજમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

**જોઇએ છે**

**અમરેલી જીલ્લા સહકારી સંઘ**

સહયોગ બિલ્ડીંગ, ડો. જીવરાજ મહેતા રોડ, લાયબ્રેરીની બાજુમાં, અમરેલી.

ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લા સહકારી સંઘમાં નીચે મુજબની જગ્યા હાલ હંગામી ધોરણે ભરવાની થતી હોય જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | કેટેગરી | લાયકાત |
|---|---|---|---|
| ૧ | મહિલા સી.ઇ.આઇ. | ફકત મહિલા ઉમેદવાર | સહકારી ડીપ્લોમા /પી.ટી.સી./ગ્રેજયુટ |

ઉપર મુજબની જગ્યામાં પસંદ થનાર ઉમેદવારને ૬ માસ તાલીમ લેવાની રહેશે. પગાર ધોરણ ગુજરાત રાજય સહકારી સંઘના નિયમો અનુસાર રહેશે. વય મર્યાદામાં સરકારશ્રીના નિયમો અનુસાર છૂટછાટ આપવામાં આવશે.

રસ ધરાવતા ઉમેદવારો પોતાની અરજી સ્વહસ્તાક્ષર લખી ઉપરના સરનામે તારીખ ૧૨.૧૧.૨૦૨૩ સુધીમાં ટપાલથી અથવા રૂબરૂ મોકલી આપવી.

## જિલ્લાનાં તેજસ્વી વિદ્યાર્થીઓને ધો. ૬થી ૧૨ સુધી અભ્યાસ, નિવાસ, ભોજન નિઃશુલ્ક

# ભૈ વાહ : અમરેલી વિધાસભામાં જ્ઞાનશકિત રેસિડેન્શિયલ શાળા શરૂ થશે

વિધાસભા ટ્રસ્ટ દ્વારા જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ અંતર્ગત એમઓયુ કરાયા

દિવાળી વેકેશન ખુલતા સેમેસ્ટર–૨ થી જ્ઞાનશકિત સ્કૂલનો થશે પ્રારંભ

જૂન મહિનામાં જે વિદ્યાર્થીનો મેરીટ લીસ્ટમાં સમાવેશ થયો છે તેને લાભ મળશે

બેસ્ટ સ્કૂલનો એવોર્ડ મેળવેલ સંસ્થામાં નિઃશુલ્ક તમામ સુવિધાઓ બાળકોને પ્રાપ્ત થશે




અમરેલી, તા. ૨૬

અમરેલી વિધાસભા સંસ્થામાં જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસલન્સ યોજના શરૂ કરવા મંજૂરી આપી દેવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ધોરણ ૬ થી ૧૨ સુધી બાળકના અભ્યાસ, નિવાસ, ભોજન અને અન્ય ખર્ચ માટે યોજના અંતર્ગત નિઃશુલ્ક સુવિધાઓ રહેશે. ગત જૂન–૨૦૨૩ માસમાં સીઈટી (કોમન એન્ટરસ ટેસ્ટ)નું મેરી લીસ્ટ જાહેર થયેલ જે મુજબના બાળકો ધોરણ–૬ માં આ યોજનામાં જોડાય શકશે. આ યોજનામાં વિદ્યાર્થીઓને મળશે લાખો રૂપિયાના ફાયદાઓ જેમાં ધોરણ–૬ થી ૧૨ સુધીનો તમામ ખર્ચ આ યોજના

અનુસંધાન પાના ૬ ઉપર

### કાર નં. જી.જે.–૧૪ બીએ ૨૨૨ માં ૨૦ બોટલ સાથે

## અમરેલીનાં લાઠી બાયપાસ ચોકડી નજીકથી વિદેશી દારૂ સાથે નીકળેલ યુવકની અટકાયત

### પોલીસે કાર સહિત રૂપિયા પાંચ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૨૬

અમરેલીમાં બ્રાહ્મણ સોસાયટીમાં આવેલ આંગન એપાર્ટમેન્ટમાં રહેતા હાર્દિકભાઈ ભરતભાઈ ત્રિવેદી નામનાં યુવક પોતાના હવાલાવાળી કાર નં. જી.જે.–૧૪ બીએ ૨૨૨ માં વિદેશી દારૂની બોટલ નંગ–૨૦ કિંમત રૂા. ૨૪૦૦ની લઈ અમરેલી નજીક આવેલ લાઠી રોડ બાયપાસ ચોકડી પાસેથી નીકળતા તાલુકા પોલીસે તેમને કાર સહિત રૂા. ૫,૦૨,૪૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.બી. વાળાએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ

## અમરેલી જિલ્લામાં દિવાળી સહિતનાં તહેવારોમાં રાત્રિનાં ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે

### હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળોની આસપાસ ફટાકડા ફોડી શકાશે નહિ

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન સુપ્રિમ કોર્ટના દિશા નિર્દેશો મુજબ જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા પ્રવનિ પ્રદૂષણની વિપરીત અસરોથી રક્ષવા માટે ફટકાડના ઉત્પાદન,વેચાણ તેમજ ફટકડા ફોડવા અંગે રાજય સરકારે ગાઈડલાઈન બહાર પાડેલી છે. જેના અંતર્ગત ફટાકડા વિદેશથી આયાત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ સાથે જ તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે અને અગવડ ન થાય તેમજ જાહેર સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર થતી ઘાતક અસરો જોતા અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.બી. વાળા દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયે પ્રતિબંધાત્મક આદેશો સાથેનું જાહેરનામું બહાર પાડીને અમરેલી જિલ્લાની હદમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે જણાવ્યું છે. આ જાહેરનામુ તા. ૨૩/૧૧/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર રહેશે.

'દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૦૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફોડી શકાશે.

'સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા જે ઓછું

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)